# કોડિયું

વર્ષ : ૭૩ ફેબ્રુઆરી: ૨૦૨૦ અંક : ૦૭

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | પ્રાણાયામનાં સામાન્ય તત્ત્વો | - ભાણદેવજી | ૨૭૩ |
| ૦૨ | ટોલ્સ્ટોય આશ્રમ એટલે સત્યાગ્રહ... | - હીરજી નાકરાણી | ૨૭૭ |
| ૦૩ | ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા-મણાર વાર્ષિક અહેવાલ | - સુરસંગભાઈ ચૌહાણ | ૨૮૬ |
| ૦૪ | શિક્ષકનું દાયિત્વ | - વિપુલ જોષી | ૩૦૪ |
| ૦૫ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૩૦૫ |


◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

અમદાવાદ-ગાંધીનગર તરફથી આરોગ્ય વિભાગે વિશ્વ કેન્સર દિન નિમિત્તે જણાવેલ વિગતો પ્રમાણે આપણા ગુજરાતમાં દર વર્ષે પાંચ ટકાના ધોરણે કેન્સરના દર્દીઓ વધી રહ્યા છે. એકંદરે ૨૫૧% જેટલો દર્દીઓમાં વધારો થયો છે. એક અત્યંત સુખી-સંપન્ન ઘરની દીકરીને કેન્સર થતાં તેણે ડૉક્ટક્ટરને પ્રશ્ન કર્યો કે ''હું જન્મથી જ બધું ચોખ્ખું અને આરોગ્યપ્રદ જ જમું છું છતાં આવું કેમ થયું ?'' તેને ત્યાં ફળો અને શાકભાજી પણ ધોઈ ધોઈને વપરાશમાં લેવાય છે. ફિલ્ટર થએલું જ પાણી વપરાય છે. વળી, સંપૂર્ણ શાકાહારી હોવા છતાં અને શક્ય એટલી તમામ જરૂરી કાળજી લેવાય છે. આવા પ્રશ્નો અનેકને થઈ રહ્યા છે.

બહુ વિચાર-સંશોધન કર્યા પછી જાણવા મળ્યું કે તમે જે શાકભાજી ખાઓ છો તેમાં છંટાતી જંતુનાશક દવાઓનું આ પરિણામ છે ! એક રમૂજી છતાં ચિંતાજનક હકીકત એ પણ છે કે આજે વપરાતી તમાકુ પણ શુદ્ધ નથી !

આમ, ગમે તેટલી તકેદારી રાખવા છતાં આપણાં હવા-પાણી-અનાજ-ફળ-શાક વગેરે તમામ પ્રદૂષિત થઈ ચૂક્યાં હોવાથી આવાં માઠાં પરિણામો આવે છે. આ તો ''આભ ફાટ્યું છે ત્યારે થીગડાં ક્યાં મારવાં ?'' જેવી સ્થિતિ સર્જાણી છે. પાણી પછી હવે હવા પણ વેચાતી લેવાનું શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે આપણે જીવશું ક્યાં અને કેવી રીતે ?

આવા ચિંતાજનક સમાચાર વચ્ચે જાણવા મળ્યું કે આપણા માનનીય રાજ્યપાલશ્રીએ પોતાને ત્યાં દેશી ગીર ઓલાદની ગાય બાંધી છે ! અને 'દરેક પરિવાર પોતાને ત્યાં એક ગાય વસાવે' તેવું સૂચન પણ કર્યું છે. કોઈપણ પ્રકારના ઉત્પાદન સંદર્ભે ઉત્પાદકતા વધારવી જરૂરી છે. ઉત્પાદકતા વધારવા યોગ્ય ટેક્નૉલૉજીનો વિવેકપૂર્ણ ઉપયોગ અનિવાર્ય છે. વિજ્ઞાન-ટેક્નૉલૉજીના ક્ષેત્રે 'જો એ શક્ય છે' માટે વાપરીશું તો એ અમાનવીય અભિગમ ગણાશે; પણ 'જો તેની જરૂર હોય તો વાપરીશું' તો એ માનવીય અભિગમ થશે અને સંપૂર્ણ પ્રક્રિયા સારાંશે 'ઇકોફ્રેન્ડલી' બની રહેશે.

આમ મૂંઝવણ અને મૂંઝવણમાંથી માર્ગ બંને એક સાથે સામે આવ્યાં છે. આ ઘટનાને જો 'ગાંધી-૧૫૦'ની ઉજવણી સાથે જોડી દઈને સંસ્કૃતિ તથા પ્રકૃતિને સંરક્ષિત અને સંવર્ધિત કરતી માનવીય અભિગમ ધરાવતી જીવનપ્રણાલી અપનાવવાનો પ્રચાર-પ્રસાર-કાયદો કરવામાં આવે તો પૂ. બાપુને સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે. આમ પણ ''સહુના સુખમાં મારું સુખ સમાએલું છે'' એ સૂત્ર પણ સાર્થક થાય. ગાંધીનું મહાત્માપણું તેના અધોળ આચરણમાં છુપાએલું છે તે સમજી જઈને આચરણમાં મૂકીશું તો સાચું રામરાજ્ય-સર્વોદય સ્થપાતા વાર નહીં લાગે !

સબકો સુમતિ દે ભગવાન....

— [illegible]

## (૦૧) પ્રાણાયામનાં સામાન્ય તત્ત્વો

- ભાણદેવજી

*ડિસેમ્બરના અંકથી ચાલુ...*

**૫. પ્રાણાયામના અભ્યાસનો આરંભ અને વિકાસ :**

**અ. આરંભ પહેલાં -**

પ્રાણાયામના અભ્યાસનો આરંભ કરતાં પહેલાં સાધકે કેટલીક પૂર્વતૈયારી કરી લેવી આવશ્યક છે. સૌથી પહેલી આવશ્યકતા નાડી શોધનની છે. નાડીશોધનના મહત્ત્વ અંગે હઠ પ્રદીપિકાકાર કહે છે.

**xù² mel yda svRnaDIck/ mlakulm\|**

**tdE jayteyogI pa‘sgh‘e9m: || Ê, Í**

"જ્યારે મળથી વ્યાપ્ત થયેલી નાડીઓનો સંપૂર્ણ સમૂહ શુદ્ધ થાય છે ત્યારે જ યોગી પ્રાણને રોકવા સમર્થ બને છે."

મળયુક્ત નાડીઓમાં પ્રાણનું નિર્બાધ વહન શક્ય બનતું નથી અને ચિત્તનિરોધમાં તેનાથી બાધા ઊભી થાય છે. વળી નાડી શોધન થયા પહેલાં જ જો સાધક અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધવાનો પ્રયત્ન કરે તો શારીરિક બીમારીઓ ઉત્પન્ન થવાનો સંભવ છે. તેથી આવશ્યક છે કે પ્રાણાયામનો આગળનો અભ્યાસ કરતાં પહેલાં સાધક નાડીશોધન સારી રીતે કરી લે.

યૌગિક શોધનકર્મો, યોગાસનો અને નાડીશોધન(અનુલોમ-વિલોમ) પ્રાણાયામના અભ્યાસથી નાડીશોધન થાય છે. એમ યૌગિક ગ્રંથોમાં જણાવેલું છે.

નાડી શોધનનાં લક્ષણો અંગે હઠપ્રદીપિકાકાર આ પ્રમાણે કહે છે :

**ydatu naDIxù²: Syat\td ic»ain ba¾t:|**

**kaySy k«ta kaiNtSt4a jayt iniXctm\||Ê,ÉÑ**

**y4e32r‘vayornlSy pdIpnm\|**

**nadaiwVyiKtraroGy. Jaayte naDIxo2nat\||Ê,ÊÈ**

"જ્યારે નાડીઓ શુદ્ધ(મળરહિત) થાય ત્યારે તેનાં બાહ્ય ચિહ્નો જણાય છે. શરીરની કૃશતા અને શરીરની કાંતિ ચોક્કસપણે થાય છે. વળી નાડીશોધનથી પ્રાણનું યથેષ્ટ ધારણ, જઠરાગ્નિનું પ્રદીપન થાય છે તથા નાદની અભિવ્યક્તિ(શ્રવણ) અને આરોગ્ય પ્રાપ્તિ થાય છે."

**બ. યમ-નિયમ :**

સાત્વિક જીવનચર્યા, સમગ્ર અધ્યાત્મ-સાધનાની અનિવાર્ય શરત છે. પ્રાણાયામની સાધના કરનારે આ શરત પાળવી જોઈએ. પ્રાણાયામનો હેતુ પ્રાણસંયમ અને પ્રાણોત્થાન છે. ઉચ્છૃંખલ અને અસંયમી જીવન જીવનારનું પ્રાણમય જીવન વેરણ-છેરણ બની જાય છે. આવી વ્યક્તિ પ્રાણાયામ દ્વારા પ્રાણસંયમની અને પ્રાણોત્થાનની અપેક્ષા કેવી રીતે રાખી શકે? એક જ ઘોડાગાડીને ઘોડાઓ ભિન્ન-ભિન્ન દિશાઓમાં ખેંચે તો ઘોડાગાડીની જે દશા થાય તે દશા સાધકના જીવનની થાય !

**ક. આહાર :**

યોગાભ્યાસીના ઉપયુક્ત આહાર અંગે યૌગિક ગ્રંથોમાં બહુ વિગતે વિચાર થયો છે. આપણે સંક્ષેપમાં કહી શકીએ કે સાધારણ નિરામિષ ગુજરાતી આહારમાંથી વધુ પડતાં તેલ મરચા, ડુંગળી અને લસણ બાદ કરીએ તો એ ખોરાક લગભગ યોગાનુકૂલ છે એમ કહી શકાય.

'અન્ન તેવું મન' એ કહેવતમાં તથ્ય છે, એટલો સાધકે ખ્યાલ રાખવો જોઈએ. પ્રાણાયામના અભ્યાસીઓ પોતાના ખોરાકમાં દૂધ-ઘીને સ્થાન આપવું જોઈએ.

**ડ. પ્રાણાયામના અભ્યાસમાં પ્રગતિ :**

પ્રાણાયામના અભ્યાસમાં ઉત્તરોત્તર વધારો ખૂબ ધીમે ધીમે, સાવચેતીપૂર્વક થાય તે જરૂરી છે. જલ્દી જલ્દી પ્રગતિ કરી ખૂબ લાભ મેળવી લેવાની વૃત્તિથી સાધક ઘણીવાર પોતાની જાતને નુકશાક કરી બેસે તેવો સંભવ છે. અહીં

પ્રાણાયામના અભ્યાસના વિકાસક્રમની આછી રૂપરેખા પ્રસ્તુત છે.

(૧) સાચા શ્વાસોચ્છ્વાસ, મોટાભાગની વ્યક્તિઓની શ્વાસોચ્છ્વાસની પદ્ધતિ સાચી હોતી નથી. એટલે સૌથી પહેલી આવશ્યકતા શ્વાસોચ્છ્વાસને ઠીક કરવાની છે. આ માટે નીચેની બાબતો મહત્ત્વની છે.

(૧) શ્વાસોચ્છ્વાસ પ્રત્યે જાગૃતિ કેળવવી.

(૨) પેટ અને છાતી સપ્રમાણ અને પૂરાં બહાર અને અંદર આવે-જાય.

(૩) શ્વાસોચ્છ્વાસમાં બિનજરૂરી આંચકા ન હોય.

(૪) શ્વાસોચ્છ્વાસ નિયમિત, એકધારા અને સંવાદપૂર્ણ હોય.

(૫) શ્વાસોચ્છ્વાસ દરમિયાન મુખ બંધ રહેવું જોઈએ.

(૨) કુંભક વિનાના માત્ર પૂરક-રેચકનો અભ્યાસ : અહીં એ નોંધવું ઉપયોગી થઈ પડશે કે વસિષ્ઠસંહિતામાં નાડીશોધન પ્રાણાયામ કુંભક વિનાનો, માત્ર પૂરક-રેચકના સ્વરૂપનો બતાવવામાં આવ્યો છે. પૂરક-રેચકમાં સમયનું પ્રમાણ અને આવર્તનની સંખ્યા ધીમેધીમે વધારવાં. આ અભ્યાસ ક્યા પ્રમાણથી વધારવો તે આપણે જોઈ ગયા છીએ.

(૩) આરંભમાં થોડો કુંભક ઉમેરવો. પછી ધીમેધીમે કુંભકનું પ્રમાણ વધારવું. આ વિકાસક્રમ અંગે પણ આપણે જોઈ ગયા છીએ.

(૪) બંધ અને કુંભક સહિત પ્રણાયામનો અભ્યાસ શરૂ કરતાં પહેલાં નાડીશોધન(અનુલોમ- વિલોમ) પ્રાણાયામનો પર્યાપ્ત અભ્યાસ કરવો જોઈએ.

(૫) પહેલાં જાલંધરબંધ પછી ઉડ્ડિયાન અને છેલ્લે મૂલબંધ ખૂબ સાવચેતીપૂર્વક ઉમેરવા.

(૬) આંતરકુંભક કરતાં બાહ્યકુંભક કઠિન છે એટલે બાહ્યકુંભકનો અભ્યાસ બહુ પાછળથી કરવાનો હોય છે.

(૭) અને છેલ્લે પ્રાણાયામ કેવલ કુંભકમાં પરિણમે છે.

**૬. કુંભક અંગે વિશેષ :**

અ. હઠયોગમાં કુંભક ખૂબ મહત્ત્વપૂર્ણ અભ્યાસ છે. ધ્યાનના અભ્યાસ અને કુંડલિનીજાગરણ માટે જેમ કુંભક મહત્ત્વપૂર્ણ સાધન છે, તેમ તેના અભ્યાસમાં એટલી જ સાવધાનીની પણ જરૂર છે.

જ્યાં સુધી કેવલકુંભક સિદ્ધ ન થાય ત્યાં સુધી કુંભકનો અભ્યાસ કરવાનું હઠપ્રદીપિકાર સૂચવે છે.

**yavt\ kevl isi²: Syat siht. taydWyset|**
**reck pUk. mukTva su#. vayu2ar'm\| Ê,ÏÊ**

"જ્યાં સુધી કેવલકુંભક સિદ્ધ ન થાય ત્યાં સુધી સહિતકુંભકનો અભ્યાસ કરવો. રેચક-પૂરક વિના પ્રાણ(શ્વાસ)નો સુખપૂર્વક નિરોધ થાય તેને કેવલકુંભક કહે છે."

આગળ જતાં હઠપ્રદીપિકાકાર આ કેવલકુંભક દ્વારા કુંડલિની પ્રબોધન થવાનું જણાવે છે.

**kuwkat\ kuDlI bo2: kuDlIbo2to wvet\|**
**AngRla sOWuna c h#isi²Xc jaytet| Ê,ËÍ**

"(કેવલ)કુંભકથી કુંડલિની જાગે છે અને તેના જાગરણથી સુષુમ્ણા નાડી અવરોધરહિત બને છે અને હઠયોગની સિદ્ધિ થાય છે.

બ. કુંભકનો અભ્યાસ વિચારમુક્તિ માટે કેવી રીતે ઉપયોગી થઈ શકે છે તે આપણે જોઈએ.

આપણે એ નોંધી ગયા છીએ કે શ્વાસની ગતિ અને વિચારોના પ્રવાહને સંબંધ છે. જ્યારે શ્વાસની ગતિ બંધ પડે છે ત્યારે વિચારોના પ્રવાહ પર તેની અસર થાય છે. પ્રવાહ જેમ તીવ્ર, તેમ ઑક્સિજનની માગ વધુ. જ્યારે કુંભકમાં ઑક્સિજનનો પૂરવઠો મળવાનું બંધ થાય છે ત્યારે ઑક્સિજનથી ચલાવવા માટે મન વિચારોના પ્રવાહને મંદ પાડવાની આવશ્યકતા અનુભવે છે, તેમ કરતાં શીખે છે અને તેમ કરે છે. પરિણામે કુંભક દરમિયાન મનને એક

નવી રીતની કેળવણી મળે છે અને એ છે વિચાર મુક્તિની કેળવણી.

ક. આ જ રીતે જો સાધક જાગૃતિપૂર્વક નિરીક્ષણ કરે તો કુંભક ભયમુક્તિની કેળવણી માટે પણ ઉપયોગી સાધન બની શકે છે. એ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે કે આપણી મોટાભાગની માનસિક મુશ્કેલીનું કારણ ભય છે. એટલે જો કોઈક રીતે વ્યક્તિ ભયમુક્ત થઈ શકે તો તેનાથી તેના માનસિક સ્વાસ્થ્ય માટે ઉપકાર પરિસ્થિતિનું નિર્માણ થાય.

શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા આપણા જીવનને ટકાવી રાખવા માટે અનિવાર્ય છે. જ્યારે કુંભક દરમિયાન આ ક્રિયા બંધ પડે છે, ત્યારે એક રીતે આપણું અસ્તિત્વ જોખમમાં મૂકાતું હોય તેમ મન અનુભવે છે. અને એટલે મન તીવ્ર ભય અનુભવે છે. હવે જેમ ભય વધુ તેમ ઑક્સિજનની માગ વધુ. ભયજનક પરિસ્થિતિમાં આપણા શ્વાસોચ્છ્‌વાસની ગતિ વધી જાય છે તેનું કારણ પણ આ જ છે. હવે જો કુંભક લંબાવતા શીખવું જ હોય તો આ ભયની લાગણીમાંથી મુક્ત થતા શીખવું અનિવાર્ય બને છે. પરિસ્થિતિ જ એવી છે કે કુંભકમાં ઑક્સિજનનો પૂરવઠો મળતો બંધ થાય છે. એટલે એક એવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે કે મનને ભયમુક્ત થવું પડે અને આ રીતનો લાંબો અભ્યાસ મન માટે ભયમુક્તિની સાધના બની શકે છે.

કુંભકના અભ્યાસ દરમિયાન બનતી વિચારમુક્તિ અને ભયમુક્તિની પ્રક્રિયા અંગે એટલું નોંધવાં ઉપયોગી થઈ પડશે કે જો આ સમયે સાધક જાગૃતિપૂર્વક મનની ગતિનું જ નિરીક્ષણ કરતો રહે તો આ પ્રક્રિયા વધુ સારી બને છે. કારણ કે જાગૃતિ જ સાધકને વિચારના પ્રવાહ અને ભયની લાગણીની વ્યર્થતા સમજાવે છે. એટલું જ નહિ પણ આ બંને વિના જીવી શકાય તેમ છે અને વધુ સારી રીતે જીવી શકાય એમ પણ મન સારી રીતે સમજે છે. મનની આ પ્રકારની કેળવણીનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે.

કુંભકના અભ્યાસ દરમિયાન વિચારમુક્તિની અને ભયમુક્તિની કેળવણી મનને મળે છે. અભ્યાસ દરમિયાન થયેલી આ કેળવણી અભ્યાસ સિવાયના સમયે પણ ચાલુ રહે છે અને સાધકના જીવનમાં તેનાથી કાયમી રૂપાંતર થાય છે.

ડ. પ્રકૃતિનો એવો નિયમ છે કે આપણા શરીર-પ્રાણ-મનની જે શક્તિનો ઉપયોગ થતો રહે, તેનો વિકાસ થતો રહે છે અને જેનો ઉપયોગ ન થાય તે શક્તિ ઓછી થતી રહે છે અને અંતે અદૃશ્ય થાય છે. વળી આપણે ધારીએ છીએ તેના કરતાં ઘણી વધારે સુષુપ્ત શક્તિ આપણા શરીર-પ્રાણ-મનમાં છે. અસાધારણ આવશ્યકતા ઉપસ્થિત થાય ત્યારે આપણામાં રહેલી આ સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે અને જો આવી પરિસ્થિતિ વાંરવાર નિયમિત રીતે આવતી રહે તો સંચિત અને સુષુપ્ત શક્તિ લાંબા ગાળે આપણા જાગૃત જીવનનો ભાગ બની રહે છે અને પરિણામે આપણા શરીર-પ્રાણ-મનમાં પહેલાં કરતાં વિશેષ શક્તિ કાયમી ધોરણે બની રહે છે.

કુંભક દરમિયાન આપણામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટેની અસાધારણ આવશ્યકતા ઉપસ્થિત થાય છે. એટલે કે કુંભક આપણી સુષુપ્ત શક્તિના જાગરણની તક બની રહે છે. શ્વાસોચ્છ્‌વાસ, જે આપણી અનિવાર્ય આવશ્યકતા છે તેને કુંભક દરમિયાન એક વિશેષ પદ્ધતિથી અને વિશેષ મનોવલણપૂર્વક સ્તંભિત કરી દેવામાં આવે છે અને શરીર-પ્રાણ-મન સમક્ષ એક અપૂર્વ વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. આ વિશિષ્ટ પરિસ્થિતિ આપણા સમગ્ર શરીર-પ્રાણ-મનના બંધારણને નવી રીતે કામ કરતાં શીખવે છે અને લાંબા ગાળે સમગ્ર શરીર-પ્રાણ-મન નવી રીતે ઘડાય છે.

**૭. પ્રાણાયામના અભ્યાસીને વિશેષ સૂચનો :**

(૧) માત્ર પુસ્તકો વાંચીને તેને આધારે પ્રાણાયામનો અભ્યાસ કદી ન કરવો. પ્રાણાયામ અધિકારી વ્યક્તિ પાસેથી તેમના સાંનિધ્યમાં રહીને જ શીખી શકાય. આ રીતે શીખ્યા પછી તદ્‌વિષયક પુસ્તકોનું

અધ્યયન ઉપયોગી બની શકે. ગમે તેવા બજારુ પુસ્તકોનું નહિ, પરંતુ પ્રમાણભૂત શાસ્ત્રીય ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ.

(૨) એ ખ્યાલમાં રાખવું કે પ્રાણાયામ યોગનું પ્રથમ અંગ નથી. અષ્ટાંગયોગમાં પ્રાણાયામ ચોથું અંગ છે. એટલે પૂર્વ તૈયારીરૂપ અભ્યાસ વિના પ્રાણાયામનો આરંભ ન કરવો.

પ્રાણાયામના અભ્યાસુએ ખ્યાલમાં રાખવું જોઈએ કે તે એક આધ્યાત્મિક સાધના કરી રહ્યો છે. તેથી અધ્યાત્મને અનુરૂપ જીવનપદ્ધતિનો તેણે સ્વીકાર કરવો જોઈએ. યમ-નિયમનું પાલન, સાત્ત્વિક આહાર-વિહાર, યજ્ઞયાગ-પૂજા પાઠાદિ ક્રિયાયોગનું પરિશીલન, આસન, શોધનકર્મો વગેરે દ્વારા શરીર-મનની તૈયારી આ બધા સાધનોનો અભ્યાસ કરીને અને અભ્યાસ કરતાં કરતાં પ્રાણાયામનો આરંભ કરવો જોઈએ.

વળી પ્રાણાયામનો આગળનો અભ્યાસ કરતાં પહેલાં નાડીશોધન થયું હોય તે આવશ્યક છે. અને તે આસન, શોધનકર્મ અને નાડીશોધન(અનુલોમ-વિલોમ) પ્રાણાયામથી થાય છે

(૩) પ્રાણાયામનો આરંભ અલ્પ માત્રામાં કરવો અને અભ્યાસ ધીમેધીમે વધારવો. આરંભના અમુક મહિના તો કુંભક વિના માત્ર રેચક-પૂરકનો અભ્યાસ કરવો. પછી અલ્પમાત્રામાં કુંભક ઉમેરવો. પ્રાણાયામના અભ્યાસના આરંભથી કુંભક ન જ કરાય. વળી આરંભ કર્યા પછી પણ કુંભકનું પ્રમાણ ધીમેધીમે વધારવું. પ્રાણાયામનો અભ્યાસ કષ્ટપ્રદ બનવો જોઈએ નહિ.

(૪) પ્રાણાયામ દરમિયાન પરસેવો વળે તો તેના વડે શરીર પર માલિશ કરવાનું યોગ ગ્રંથોમાં સૂચન છે.

(૫) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન લાલ પ્રકાશ દેખાય તો પ્રાણાયામ બંધ કરવો અને જાણકારીની સલાહ લેવી.

(૬) પ્રાણાયામના અભ્યાસથી શરીરમાં ઝટકા કે આંચકા લાગે તો અભ્યાસ બંધ કરી જાણકારીની સલાહ લવી.

(૭) આસન-પ્રાણાયામના અભ્યાસથી શરીરમાં દાહ થાય તો કુંભક વિનાના શીતલી પ્રાણાયામનો અભ્યાસ કરવો. બીજા પ્રાણાયામ ઓછા કરવા. ભસ્ત્રિકા, સૂર્યભેદન બંધ કરવા.

પિત્તકર ભોજન પદાર્થો તજવા. જરૂર પડ્યે જાણકારીની સલાહ લેવી.

(૮) અનુલોમ-વિલોમ, ઉજ્જાયી, ભસ્ત્રિકા અને શીતલી - આ ચાર પ્રાણાયામ સાધકને વિશેષ ઉપયોગી છે.

(૯) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન પૂરક, કુંભક કે રેચકની કોઈપણ અવસ્થાએ મુખ પર વિકૃત રેખાઓ ન પડવી જોઈએ.

(૧૦) પ્રાણાયામમાં પૂરક, કુંભક ને રેચકનું પ્રમાણ નક્કી કરવા માટે ઉત્તમ રીત એ છે કે પહેલાં કુંભકનું પ્રમાણ નક્કી કરવું. કુંભકનું પ્રમાણ નક્કી કરવામાં ત્રણ બાબતોનું ધ્યાન રાખવું. કુંભકમાં મૂંઝવણ ન થવી જોઈએ અને રેચકમાં ઉતાવળ ન કરવી પડે. તેમ જ નક્કી કરેલું પ્રમાણ બધા આવર્તનો દરમિયાન સરળતાથી જાળવી શકાય.

કુંભકનું પ્રમાણ નક્કી કર્યા પછી તેને આધારે પૂરક અને રેચકનું પ્રમાણ આપોઆપ નક્કી થઈ શકશે.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) ગાંધીજીની દોઢ શતાબ્દિ-૧૧
## ટૉલ્સ્ટૉય આશ્રમ એટલે સત્યાગ્રહનું સંતાન

- હીરજી નાકરાણી

ગાંધીજી રશિયન મહાત્મા ટૉલ્સ્ટૉયને ક્યારેય મળ્યા નહોતા, તેમનાં ભાષણો ક્યારેય સાંભળ્યાં નહોતાં પણ તેમનાં કેટલાંક પુસ્તકો તેમણે વાંચ્યાં હતાં. તેમાંના એક પુસ્તકે ગાંધીજીની વિચારશૈલી અને જીવનશૈલી બદલી નાખી તે છે; 'Kingdom of Heaven is within you' (વૈકુંઠ તારા હૃદયમાં છે). તેઓ લખે છેઃ "એ પુસ્તકે મને ઘેર્યો. તેની છાપ મારા પર બહુ ઊંડી પડી. આ પુસ્તકની સ્વતંત્ર વિચારશૈલી તેની પ્રૌઢનીતિ, તેના સત્ય આગળ મિ. કોટ્સે આપેલાં પુસ્તકો શુષ્ક લાગ્યાં."

દક્ષિણ આફ્રિકા પહોંચ્યા તે અરસામાં જ જે પુસ્તકની અસરે ગાંધીજીને ઘેર્યા હતા તે પુસ્તક તો ગાંધીજીના હૃદયમાં કાયમને માટે વસી ગયું હતું. આ પુસ્તક તેમના જીવનમાં મહાન પલટો લાવનાર પુસ્તકો પૈકીનું એક બની ગયું. ટૉલ્સ્ટૉયના 'એક હિન્દુને પત્ર'ને 'ઇન્ડિયન ઓપિનિયન'માં છાપતાં એની પ્રસ્તાવનામાં ગાંધીજી લખે છેઃ "આ મહાન ગુરુ જેમનો હું અનુયાયી છું અને જેમને લાંબા વખતથી મારા માર્ગદર્શક માનું છું, તેમના પત્ર સાથે તે જ્યારે જગત સમક્ષ મૂકવામાં આવે છે, ત્યારે મારું નામ સંકળાય એ મારા માટે ગૌરવની વાત છે."

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં ભારતીઓને રંગભેદની નીતિને કારણે થતો અન્યાય અને અનાચાર રોકવા અને સાચો ન્યાય મેળવવા માટે લડત ચલાવી રહ્યા હતા. તેનો તાજો રિપોર્ટ જાહેર કરવા માટે 'ઇન્ડિયન ઓપિનિયન' નામનું સાપ્તાહિક ચલાવતા હતા. આ સાપ્તાહિકમાં 'હિન્દ સ્વરાજ' નામે એક લેખમાળા હપતાવાર પ્રગટ થતી હતી. લેખમાળા પૂરી થયે તમામ લેખોનું સંકલન કરીને "હિન્દ સ્વરાજ" નામે પુસ્તક પ્રગટ કર્યું. આ પુસ્તક લિયો ટૉલ્સ્ટૉયને વાંચવા માટે ચોથી એપ્રિલ-૧૯૧૦ના રોજ જોહાનિસબર્ગ ટ્રાન્સવાલ(દ.આ.)થી મોકલ્યું. આ પુસ્તક વાંચીને ટૉલ્સ્ટૉયે પોતાની ખુશાલી વ્યક્ત કરતાં લખ્યુંઃ "મેં તમારું પુસ્તક ખૂબ જ રસથી વાંચ્યું છે. કારણ કે આ પુસ્તકમાં તમે જે સેવાની એટલે સત્યાગ્રહની ચર્ચા કરી છે, તે એકલા હિન્દુસ્તાન માટે જ નહીં પરંતુ સમસ્ત માનવજાત માટે અગત્યની છે. તમારી જીવનકથા મેં જોઈ તેમાં પણ મને ઘણો રસ પડ્યો છે. અને તેથી તમને વધારે સારી રીતે ઓળખવાનું અને સમજવાનું બની શક્યું."

આ રીતે ગાંધીજીના પત્રોના ટૉલ્સ્ટૉયે આપેલા જવાબોએ ગાંધીજીને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં દીવેલ પૂરવાનું કામ કર્યું. એટલું જ નહીં પણ ૭ સપ્ટેમ્બર ૧૯૧૦ના રોજ કોચેટી-રશિયાથી 'સત્યાગ્રહ પર વિચારો' વાળો લાંબો પત્ર લખીને ગાંધીજીની અનેક સમસ્યાઓનું સમાધાન અને માર્ગદર્શન આપી દીવો પ્રગટાવ્યા પછી યજ્ઞમાં અગ્નિ ચાંપવાનું બળ પૂરું પાડ્યું હતું. આ સિવાય રશિયામાં ઝાર સરકારના જુલમ સામે ટૉલ્સ્ટૉયે સત્યાગ્રહ કરેલો તે 'ઇન્ડિયન ઓપિનિયન'ના ૩૦ ઑક્ટોબર-૧૯૦૯ના અંકમાં વિગતે લખ્યું છે, તેનાથી ગાંધીજીને સૌથી વધુ બળ મળ્યું હતું.

'હિન્દ સ્વરાજ' વાંચીને તેની વિગતે આલોચના લખવાનું ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને લખેલું, પણ લિયો પોતાના ઘરકંકાસ અને તબિયતની નાદુરસ્તીને કારણે જવાબ આપી શક્યા નહીં.

અહીંના સત્યાગ્રહમાં સત્યાગ્રહીઓની સંખ્યા ઉત્તરોત્તર વધવા લાગી હતી. શહેરમાં બધાને વસાવી શકાય એવી સ્થિતિ નહોતી. કુટુંબો સાથે કેટલાક જોડાવા લાગ્યા. એટલે તેમના વસવાટની ગાંધીજીને ચિંતા થવા લાગી. ખૂબ મૂંઝાયા પછી એવું નક્કી કર્યું કે શહેરથી થોડે દૂર ખુલ્લી જગા મળી જાય તો ત્યાં અલગ વસાહત શરૂ કરવી. અને તેઓના નિભાવ માટે કંઈક કામ શોધી કાઢવું.

૧૯૦૬માં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ સત્યાગ્રહ

શરૂ કરેલો. તે લાંબો ચાલે એમ હતો એટલે ગાંધીજી સત્યાગ્રહીઓ અને તેમનાં કુટુંબોને નજીક રાખવા માટેની મૂંઝવણમાં હતા. તેમના સાવ નજીકના મિત્ર મિ. કેલનબેકને ગાંધીજીની મૂંઝવણનો ખ્યાલ આવી ગયો. એટલે તેમણે ગાંધીજીને પત્ર લખ્યો, જે પત્ર 'ઇન્ડિયન ઓપિનિયન'ના તા.૧૧-૬-૧૯૧૦ના અંકમાં પ્રકાશિત થયો, જે આ પ્રમાણે હતો.

(મે-૩૦,૧૯૧૦)

વ્હાલા મિ. ગાંધી,

આપણી વાતચીત મુજબ સત્યાગ્રહી અને તેમનાં કુટુંબ સારુ લોલી નજીકના મારા ખેતરનો ઉપયોગ કરવાની હું ઑફર કરું છું. લડત ચાલે ત્યાં સુધી તેઓ એ ખેતર ઉપર વગર કિરાયે રહી શકશે. વળી હાલમાં મારા ઉપયોગમાં નથી એવાં ત્યાંનાં બધાં મકાનો પણ વગર ભાડે ભલે વાપરે. મકાનમાં જે કંઈ ફેરફાર ઉમેરો અથવા સુધારો તમે કર્યો હશે તે ઉપયોગ કરી રહ્યા બાદ ગમે ત્યારે લઈ જઈ શકો છો. અથવા આપણે સમજીને રીતસર ઠરાવીએ તેવી કિંમત ચૂકવવામાં આવશે. રહેનારાઓએ જે ખેતી અંગે સુધારા કર્યા હશે તેની રિવાજ મુજબ કિંમત આપવા ધારું છું. લડત પૂરી થયે તેઓ તે જમીન ખાલી કરે.

આપનો સહૃદયી,

(એચ. કેલનબેક)

આ પત્રનો જવાબ ગાંધીજીએ તે જ દિવસે આપ્યો છે તે પણ નીચે મુજબ છે :

(મે-૩૦,૧૯૧૦)

પ્રિય કેલનબેક,

તમારો માયાળુ કાગળ મિ. કાછલિયા તથા બીજા સત્યાગ્રહીઓને મેં બતાવ્યો છે. તેઓના તરફથી તથા મારા પોતાના તરફથી આ ઉદાર ભેટ માટે તમારો ઉપકાર માનું છું. તમારી ભેટ સ્વીકારું છું તેથી નાણાં સંબંધી દબાણમાં કરેલી બધી રાહત મળશે તે વિષે કંઈ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

તમારા કાગળના બીજા તથા ત્રીજા પેરેગ્રાફમાં કહેલા સુધારા-વધારા થશે તે બાબત હું બરાબર હિસાબ રાખીશ. તમે તે તપાસી શકશો.

તમારી મંજૂરી વિના હું સુધારા-વધારા નહીં કરું.

તમારો સહૃદયી,

(મો. ક. ગાંધી)

છેવટે તા.૧૧-૬-૧૯૧૦ના ઇન્ડિયન ઓપિનિયનના અંકમાં મિ. કેલનબેકની ઑફરને વધાવી લઈને નીચે મુજબની એક જાહેરનોંધ જનતાની જાણ માટે રજૂ કરી, જે આ પ્રમાણે હતી :

"અમારે કોને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા ? તેમની ઉદારતા માટે મિ. કેલનબેકને કે મિ. કેલનબેક પાસેથી આવી ઓફર મેળવવા માટે કોમને ? એને લઈને કશા પણ ભારે નાણાકીય સંકટ સિવાય સત્યાગ્રહીઓ છેવટ સુધી લડત ચાલુ રાખી શકશે. સત્યાગ્રહી કુટુંબો માટે મિ. કેલનબેકને ધન્યવાદ આપવાનો સારામાં સારો માર્ગ નિઃશંક એ છે કે તેઓ આ ઑફરનો ઉપયોગ કરે અને ફાર્મ ઉપરના તેમના ઉદાહરણીય વર્તાવથી સમસ્ત દક્ષિણ આફ્રિકાને બતાવી આપે કે મિ. કેલનબેકના પત્રમાં દર્શાવવામાં આવેલી શરતો એકપક્ષી છે. તેમણે વાજબી રીતે શક્ય હોય તેટલું બધું અર્પણ કર્યું છે. અને બદલામાં કશાની પણ અપેક્ષા રાખી નથી. સત્યાગ્રહીઓ ફાર્મ પર કામ કરે તેની મજૂરી ચૂકવ્યા વિના તેઓ પોતાના ફાર્મની ખીલવણી કરવા માગતા નથી. મિ. કેલનબેક જેવાનાં કાર્યો પૂર્વ અને પશ્ચિમને સાચા બંધુભાવમાં જેટલાં પરસ્પરની વધુ નજીક લાવી શકશે તેટલાં કળા-કૌશલ્યવાળાં ભાષણો કે લેખો નહીં લાવી શકે. આપણે આ પ્રયોગનું ખૂબ રસપૂર્વક નિરીક્ષણ કરીશું.

(ઈ.ઓ. ૧૧-૬-૧૯૧૦)

ગાંધીજીના મિત્ર કેલનબેક પણ લિયો ટૉલ્સ્ટૉયના નજીકના સંપર્કમાં હતા. તેમણે પણ ટૉલ્સ્ટૉયનું કેટલુંક સાહિત્ય વાંચ્યું હતું. આ નાણાં વગરના નાથિયાને સત્યાગ્રહીના વસવાટ માટે પૂરી ૧૧૦૦ એકર જમીન મફતમાં વાપરવા માટે મળી ગઈ. ગાંધીજી માટે સોનાનો સૂરજ ઊગ્યો. આ જમીન પર વસાહત કરવાનું નક્કી થઈ ગયું. આ જમીન પર જે નવી વસાહત થાય તે કયા નામે

ઓળખવી તે અંગે ગાંધીજી અને કેલનબેકે મળીને વિચારણા શરૂ કરી. કેલનબેક વિષે ગાંધીજી લખે છેઃ "ટૉલ્સ્ટૉયનાં લખાણોએ કેલનબેક ઉપર જેટલી અસર કરી છે તેટલી બીજા કોઈનાં લખાણોએ કરી નથી!" આનો અર્થ એ થયો કે અગાઉથી કેલનબેક ટૉલ્સ્ટૉયના પરિચયમાં હતા જ.

ટૉલ્સ્ટૉયે દુનિયા સમક્ષ મૂકેલા આદર્શો પ્રમાણે વર્તવા જે પ્રેરણા મળે તે અંગે ગાંધીજી સાથે મસલત કર્યા પછી ટૉલ્સ્ટૉયના નામ સાથે જોડવાની છૂટ લઈને સત્યાગ્રહીઓના ઉપયોગ માટે ઉદારતાપૂર્વક ગાંધીજીને જમીન અર્પણ કરીને કેલનબેકે પોતે જ આ વસાહતનું નામ 'ટૉલ્સ્ટૉય ફાર્મ' રાખ્યું હતું. ગાંધીજીએ વસાહતીઓને વિવિધ સામૂહિક કામોમાં પોતાની સાથે જોતર્યા અને નિત્ય સવાર-સાંજ સમૂહ પ્રાર્થના પણ શરૂ કરીને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ 'ટૉલ્સ્ટૉય આશ્રમ' તરીકે જાહેર કર્યું.

ઇન્ડિયન ઓપિનિયનમાં સત્યાગ્રહ અંગે ગાંધીજી જે લેખો લખતા તે ટૉલ્સ્ટૉય વાંચતા હતા. તેમણે સત્યાગ્રહને આગળ ધપાવવા પ્રેરણા આપતાં લખ્યુંઃ "સત્યાગ્રહ તે શુદ્ધ પ્રેમ સિવાય બીજું કશું નથી. મનુષ્યના આત્માને એકત્ર જોડવાનો પ્રયાસ તે જ પ્રેમ અને તે જ માનવીની જિંદગીને દોરવામાં ઊંચામાં ઊંચો એક જ કાયદો છે."

'જૂના કરાર'માં હિંસાને તદ્દન મના કરવામાં આવી છે. અને ઈશુએ પણ મના કરી છે. હિંસામાં પાપ છે એમ નહીં પણ હરકોઈ માણસનું જરા બૂરું કરવામાં પણ પાપ સમાયેલ છે. આમ લખીને ટૉલ્સ્ટૉયે સૂક્ષ્મ અહિંસા તરફ ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું છે. આગળ એમ પણ લખ્યું છે, પ્રેમના ફરમાનનો સ્વીકાર થાય અને જબરદસ્તી નાબૂદ થાય એટલે ટ્રાન્સવાલમાં તમારી હિલચાલમાં દુનિયાની પ્રજાએ સામેલ થયે જ છૂટકો છે.

આમ લખીને ગાંધીજીની અહિંસક લડતને પ્રેરણા અને બળ પૂરાં પાડ્યાં છે તથા પ્રોત્સાહિત કર્યા છે.

ગાંધીજીના અંગ્રેજમિત્ર રેવરંડ જે. જે. ડોકે લખેલ પુસ્તક "એમ. કે. ગાંધી એન ઇન્ડિયન પેટ્રિયટ ઇન સાઉથ આફ્રિકા"ની એક નકલ ગાંધીજીએ લિયોને મોકલીને લખ્યું, "જેની સાથે હું આટલો બધો સંકળાયેલો છું અને જેને મેં મારું જીવન સમર્પણ કર્યું છે તે સત્યાગ્રહની લડતને લગતી મારા જીવનની બાબતો રજૂ કરવામાં આવી છે. આમાં આપ સક્રિય રસ લો અને સહાનુભૂતિ દાખવો તે માટે હું ઘણો ઇન્તજાર છું; તેથી મેં માન્યું છે કે હું આ પુસ્તક આપને મોકલું છું તે આપને અજુગતું નહીં લાગે.

"મારા અભિપ્રાય પ્રમાણે ટ્રાન્સવાલના હિન્દીઓની આ લડત આધુનિક જમાનાની સૌથી મોટી લડત છે. કારણ કે એમાં સાધ્ય અને સાધ્યને પહોંચવા માટે અખત્યાર કરેલાં સાધનો બન્નેને આદર્શ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

"જો મિ. ડોકના પુસ્તકમાં મેં રજૂ કરેલી હકીકત આપને સંતોષકારક લાગે અને મેં તારવેલાં અનુમાનો આ હકીકતો ઉપરથી વ્યાજબી ઠરતાં હોય તો આપને યોગ્ય લાગે તે રીતે આ લડતને લોકપ્રિય બનાવવા માટે આપના પ્રભાવનો ઉપયોગ કરવાની હું આપને વિનંતી કરી શકું ?

"જો એ સફળ નીવડે તો એ અધર્મનીતિ અને અસત્ય ઉપર ધર્મ, પ્રેમ અને સત્યની જીત જ નહીં પરંતુ હિંદના કરોડો લોકોને માટે તથા જગતના બીજા ભાગોના કચડાયેલા લોકો માટે દાખલારૂપ બનવા ઘણો સંભવ છે."

ગાંધીજી આગળ લખે છેઃ "ટ્રાન્સવાલની જેલો ભોગવી આવેલા કેટલાક સત્યાગ્રહીઓને તો આનાથી આશ્વાસન મળ્યું છે. ટકી રહીશું તો છેવટે એની સફળતા વિષે મારા મનમાં લગીરે શંકા નથી અને આપે સૂચવેલા માર્ગે આપનું પ્રોત્સાહન અમને અમારા નિશ્ચયમાં મજબૂત બનાવી શકે."

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહનો ૧૯૦૬ ઑક્ટોબરમાં પ્રારંભ કર્યો. ગાંધીજીને એક મૂંઝવણ ઊભી થઈ. સત્યાગ્રહ લાંબો ચાલે તો લડનારાઓની સંખ્યા વધી જાય. લાંબા સમય સુધી ચાલે તો નાણાં વગરનો નાથિયો શું કરે ? બધાને ખવડાવવું શું ? રહેવા માટે નિવાસનું શું ? તે બધાને કામ પણ શું આપવું ? આવી ભયંકર આર્થિક મૂંઝવણમાં ઈશ્વરઆસ્થાએ જબરું કામ કર્યું.

ઉદ્યોગપતિ રતનટાટાના દિલમાં રામ વસ્યા. તેમણે અચાનક તત્કાલ રૂ. ૨૫,૦૦૦ મોકલી આપ્યા. તે વખતે

આટલાં નાણાં ઘણાં થઈ પડ્યાં. તેમ છતાં આટલી રકમથી સત્યાગ્રહની આત્મશુદ્ધિની અને આત્મબળની લડત ન ચાલી શકે. એ લડત માટે જોઈએ સારા ચારિત્ર્યની મૂડી. ગાંધીજી કહે છેઃ "ધણી વગરનો મહેલ પણ ખંડિયેર જેવો લાગે તેમ ચારિત્ર્યહીન મનુષ્યનું અને તેની મિલ્કતનું સમજવું. દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ કોઈ મુદતી કાર્યક્રમ નહોતો. કેટલો સમય સત્યાગ્રહની લડત ચાલશે તેનો કોઈ અંદાજ પણ નહોતો. વર્ષ પણ ચાલે અને વર્ષો સુધી પણ ચાલે. સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી લડત ચાલ્યા જ કરવાની. કુટુંબનું શું ? નિરંતર જેલ જનારને નોકરી તો કોઈ આપે નહીં. જેલમાંથી છૂટે ત્યારે પોતે ખાય શું ? ખવડાવે શું ? ક્યાં રહે ? ભાડું કોણ આપે ? આજીવિકા વગર સત્યાગ્રહી પણ મૂંઝાય, ભૂખે મરે. પોતાનાંને ભૂખે મારીને પણ લડત લડનારા જગતમાં ઘણા ન હોઈ શકે."

આજ લગી એ બધું જેલ જનારના કુટુંબનું ભરણપોષણ દર માસે પૈસા આપીને થતું હતું. સૌને જરૂરિયાત મુજબ અપાતું હતું. જરૂરિયાતની વ્યાખ્યા અંગે અવાર-નવાર ગૂંચવાડો ઊભો થયા કરતો હતો. આમાંથી ઉગરવા માટે એક જ રસ્તો હતો. અને તે હતો બધાં કુટુંબોને એક જ સ્થળે રાખવાં ને બધાંએ સાથે રહી કામ કરવું. આ યોજનામાં કોઈને અન્યાય થવાનો ભય તો ન રહે. પાખંડને કોઈ અવકાશ ન રહ્યો. જાહેર પૈસાનો બચાવ થાય ને સત્યાગ્રહી કુટુંબને નવા અને સાદા જીવનની તથા ઘણાની સાથે હળીમળીને રહેવાની તાલીમ પણ મળી રહે. વિવિધ પ્રાંતના અને વિવિધ ધર્મના હિન્દીઓને પણ સાથે રહેવાનું મળે. પણ આવી વિશાળ જગા ક્યાંથી મળે ? શહેરમાં રહેવા જવાનું થાય તો ખર્ચ વધી જાય. માસિક ઘરખર્ચ જેટલું જ મકાન ભાડું આપવું પડે. વળી કુટુંબ સાથે શહેરમાં સાદાઈથી કેમ રહી શકાય ? તેમ જ શહેરમાં આવી વિશાળ જગા પણ ન મળી શકે કે જ્યાં ઘણાં કુટુંબો ઘેર બેઠા કંઈ ઉપયોગી ઉદ્યોગ-ધંધો કરી શકે. છેવટે શહેરથી બહુ દૂર પણ નહીં અને બહુ નજીક પણ નહીં એવું ક્ષેત્ર પસંદ કરવાનું નક્કી થયું. આવી જગા ટ્રાન્સવાલમાં જ અને તે પણ જોહનિસબર્ગની નજીક હોવી જોઈએ. આ સમસ્યાના ઉકેલ માટે ગાંધીજીના ગોરા મિત્ર મિ. કેલનબેકે ૧૧૦૦ એકર જમીન વેચાતી લીધી. તેનો ઉપયોગ સત્યાગ્રહીઓનાં કુટુંબોને વસાવવા માટે કર્યો. આ જમીનમાં પુષ્કળ ફળઝાડ હતાં. પાંચ-સાત માણસો રહી શકે એવું એક નાનું મકાન હતું. નજીકમાં પાણીનો વહેતો ઝરો હતો. આ જગાથી રેલવેસ્ટેશન લેલો એક માઈલ દૂર હતું અને જોહનિસબર્ગથી ૨૧ માઈલ દૂર હતું. વિશાળ જમીન પર મકાનો બાંધી તેમાં સત્યાગ્રહીઓનાં કુટુંબોને વસાવવાનો નિર્ણય કર્યો. ફળઝાડના બગીચામાં નારંગી, એપ્રિકોટ અને પ્લમ પુષ્કળ થતાં હતાં. મોસમમાં સત્યાગ્રહીઓ પેટ ભરીને ખાય તોયે ખૂટે એમ નહોતાં.

વહેતા ઝરાનું પાણી અહીંથી ૫૦૦ વાર દૂર હતું. ત્યાંથી કાવડ ભરીને પાણી લાવવાની મહેનતમજૂરી કરવાની હતી. બગીચાનું કામ, નવાં મકાનો બાંધવાનું કામ, પાયખાનાં ઊભાં કરવાનું કામ, તેની સફાઈનું કામ, રસોઈ કામ, મેદાન સફાઈ વગેરે સામૂહિક કામો સૌએ સાથે મળીને કરવાનાં હતાં. સ્ત્રી અને પુરુષોનાં નિવાસસ્થાનો જુદાં-જુદાં અને થોડે દૂરદૂર રાખવાનું નક્કી થયું. દસ સ્ત્રીઓ અને આઠ પુરુષો રહી શકે એટલાં મકાનનું બાંધકામ તાત્કાલિક કરવાનું નક્કી થયું. મિ. કેલનબેકને રહેવા માટેનું એક મકાન અલગ બનાવવાનું હતું. તેની સાથે સત્યાગ્રહીઓનાં બાળકોના શિક્ષણ માટે શાળાનું એક મકાન બનાવવાનું નક્કી થયું. કુટુંબોને કામ મળી રહે તે માટે સુથારીકામનું એક કારખાનું અને મોચીકામ માટે અલાયદાં મકાનો બનાવવાનાં હતાં.

આ સ્થળે રહેવા આવનાર સત્યાગ્રહીઓમાં ગુજરાતી, મદ્રાસી, આંધ્રપ્રદેશી અને ઉત્તર હિન્દુસ્તાનીઓ હતા. ચાલીસ જેટલા યુવાનો, બે ત્રણ વૃદ્ધો, પાંચ સ્ત્રીઓ, વીસથી ત્રીસ બાળકો અને ચાર-પાંચ બાળાઓ હતી.

ધર્મની રીતે જોઈએ તો હિન્દુ, ખ્રિસ્તી, પારસી અને મુસ્લિમ ધર્મના લોકો હતા. આ બધા શંભુમેળામાં ગાંધીજી માટે એક મૂંઝવણ ઊભી થઈ. ખ્રિસ્તી અને સ્ત્રી મુસલમાનોને માંસાહારની ટેવ હતી. માંસાહાર દાખલ ન કરવો એવો ગાંધીજી અને મિ. કેલનબેક એ બન્નેનો વિચાર હતો. પણ

જેને જન્મથી જ આ વસ્તુની ટેવ હોય તેને છોડવાનું કેમ કહી શકાય? જેમને ગોમાંસ ખાવાની ટેવ હોય એનું શું? માંસાહાર બંધ થાય તો માત્ર નિરામિષ ભોજન કરનાર મારફતે જ લડત ચલાવવી પડે. લડત તો હિન્દી માત્ર માટે હતી. તેમાં અપવાદ કેમ થાય? આ રીતે એક પછી એક વિવિધ સમસ્યાઓ ઊભી થઈ રહી હતી.

આવા સમયે અચાનક એક ચમત્કાર થયો. આખું સંકટ ખ્રિસ્તી બહેનો સામે મૂકાયું. મુસલમાન મા-બાપોએ તો કેવળ નિરામિષ રસોડું ચલાવવાની મંજૂરી આપી દીધી. ગાંધીજીએ મકાનની અગવડ, પૈસાની ખેંચ અને પોતાની લાગણીને નિખાસલભાવે સૌ સમક્ષ રજૂ કરી દીધી. પરિણામ એવું આવ્યું કે તમામ બહેનોએ પ્રેમભાવથી માંસ ન મંગાવવાનું નક્કી કર્યું. રસોઈનો કારભાર તેમને જ સોંપાયો. ગાંધીજી પોતે તેમની મદદમાં રહ્યા. રસોઈ સાદામાં સાદી કરવી એવો ઠરાવ થયો. ખાવાના ટંક નક્કી થયા. રસોડું એક જ ઠર્યું. બધાં એક પંગતે જમતાં અને પોત-પોતાનાં વાસણો જાતે સાફ કરવાં, રસોડાનાં મોટાં વાસણો વારાફરતી સામૂહિક રીતે સાફ કરવાનું ગોઠવ્યું. કોઈએ માંસાહારની ક્યારેય માગણી ન કરી. શરાબ, તમાકુ વગેરે પહેલાંથી જ બંધ હતાં.

સમગ્ર આશ્રમ—સ્થપતિ તરીકે મિ. કેલનબેક હતા. અને તેમની મદદમાં એક યુરોપિયન કડિયો હતો. એક ગુજરાતી સુથારે પોતાની મદદ મફતમાં આપી. તેમણે મજૂરીનું કામ જાતે જ કર્યું. સિંહ જેવા થંબી નાયડૂએ શહેરમાંથી બધો સામાન લાવી આપવાની જવાબદારી લીધી.

અહીં પુષ્કળ ટાઢ, તડકો અને વરસાદ હતાં. રહેવા માટેની શરૂઆત તંબૂથી થઈ. બે માસમાં પતરાંનાં મકાનો તૈયાર થયાં. પ્રાગજી નામના એક ગુજરાતીએ જિંદગીમાં કયારેય ટાઢ, તાપ કે વરસાદ સહ્યાં નહોતાં, છતાં તેમણે દૃઢ મનોબળથી ઝીક ઝીલીને ખૂબ જ કામ કર્યું. જેલ કરતાં ફાર્મનું કામ કઠણ હતું જ. એક દિવસ પ્રાગજી થાકથી, તાપથી બેભાન થઈ ગયો છતાં મનોબળ મજબૂત હતું. તે કામથી હારે-થાકે એવો નહોતો. આવો જ એક જોસેફ રોયપેન બેરિસ્ટર હતો. બેરિસ્ટરપણાનું જરાય તેને ગુમાન નહોતું. કઠિન મજૂરી તેનાથી થઈ શકતી નહોતી. પણ ટ્રેનમાંથી માલ-સામાન લાવવા-લઈ જવાની જવાબદારી તેણે લીધી હતી. વજનદાર બોજો ઊંચકીને ટ્રેનમાંથી લઈ આવવો વગેરે કામ ઘણું અઘરું હતું. પણ તેણે પોતાને ભાગે આવેલ કામની જવાબદારી બરાબર નિભાવી હતી. સંસ્થાકીય કામ અંગે જેમને જોહનિસબર્ગ જવાનું થતું તેમણે રેલવેના ત્રીજા વર્ગમાં જવાનું થતું. કોઈ વ્યક્તિગત શહેરમાં ફરવા જવાનું હોય તેમણે ૨૧ માઇલ ચાલીને જવા-આવવાનું રહેતું. તેમને ખાવાનો નાસ્તો બંધાવી આપવામાં આવતો. શહેરમાં જઈ કોઈ ખાવાનો અલગ ખર્ચ કરવાનો નહીં. સૌએ આ કડક નિયમો સાથે મળીને બનાવ્યા અને પાલન પણ સમજીને રાજીખુશીથી કર્યું હતું. આ રીતે કડક નિયમપાલન કરીને આર્થિક બચત પણ કરવામાં આવતી હતી.

નાસ્તોઃ- ઘેર બનાવેલ વગર ચાળેલ ને હાથે દળેલ જાડા લોટની રોટલી, તેની સાથે મગફળીના દૂધમાંથી બનાવેલ માખણ, ઘરે બનાવેલ નારંગીની છાલનો મુરબ્બો, ડબ્બાનું દૂધ મળતું; ગાયનું દૂધ તો ભાગ્યે જ લેવાનું. લોટ દળવા માટે લોખંડની હાથઘંટી હતી. સૌએ ભેગા મળીને બનાવેલ નિયમો કોઈને ભારે ન પડતા. પ્રેમપૂર્વક તેનું પાલન થતું હતું. કોઈના પર દબાણ નહીં. આશ્રમનું કામ સૌ હસતે મુખે કરતા હતા. મજૂરીના કામ વખતે સૌ મસ્તી—મજાક સાથે કામ પતાવતા હતા.

પાયખાનાં :- જમીનમાં એક-દોઢ ફૂટ ઊંડો ચોરસ ખાડો કરી, તેની ફરતાં કંતાન વીંટાળી સંડાસ બનાવેલ. મળ પર ખાડાની માટી ઢાંકવામાં આવતી, જેથી દુર્ગંધ ન આવે. સમય જતાં મળના આ અમૂલ્ય સોનખાદનો ઉપયોગ બગીચામાં થતો.

ઉદ્યોગઃ- આશ્રમનું મુખ્ય કામ સત્યાગ્રહીઓના કુટુંબને ઉદ્યોગ આપી સ્વાશ્રયી બનાવવાનું હતું. પ્રથમ ચંપલઉદ્યોગ શરૂ કરવા માટે મિ. કેલનબેકે રોમન કેથૉલિક પાદરીઓના મઠે જઈને તાલીમ લીધી અને તે પછી આશ્રમમાં આ ઉદ્યોગ વિકસાવવા કેટલાક યુવાનિયાઓને તાલીમ

આપવાનું શરૂ કર્યું. જેમાં ચંપલ બનાવવાં અને વેચવાં તથા બીજું કામ સુથારીકામ શરૂ કર્યું. જેમાં પાટલા, પાટલી અને પેટીઓ વગેરે અનેક નાની-મોટી ઘરવપરાશની વસ્તુઓ બનાવવાનું શરૂ કર્યું. આ કામના વ્યવસ્થાપક મિ. કેલનબેક પોતે રહ્યા હતા.

શાળાશિક્ષણઃ- સત્યાગ્રહીઓનાં બાળકોને શિક્ષણ આપવા માટે એક સ્વતંત્ર શાળા શરૂ કરી. તેનું સંચાલન ગાંધીજીએ પોતે હાથમાં લીધું. મદદનીશ તરીકે મિ. કેલનબેક રહ્યા. શાળા બપોરે જ ચલાવવી પડતી હતી, કેમ કે સવારના ભાગે મજૂરી કરવાની હોય. જમ્યા પછી વર્ગશિક્ષણ શરૂ થાય. ઘણી વખત શ્રમના થાકને કારણે ભણનારને ઝોકાં આવી જાય. ભણાવનારને પણ ઝોકાં આવી જતાં એટલે આંખે પાણી છાંટીને ઊંઘ ઉડાડવાનું થતું. બાળકો સાથે ગેલ કરતાં કરતાં ભણતર થતું હતું.

માધ્યમઃ- અહીંનાં બાળકો ગુજરાતી, તામિલી અને તેલુગુ એમ ત્રણ ભાષાના હોવાથી વર્ગશિક્ષણનું માધ્યમ આ ત્રણે ભાષા રાખવી પડતી હતી. ગાંધીજી પોતે ગુજરાતી એટલે તેઓ ગુજરાતીમાં શીખવે અને તામિલ ભાષા જાણતા હોવાથી તામિલી બાળકોને તે ભાષામાં શીખવે. તેલુગુ માટે તે ભાષા જાણનાર સત્યાગ્રહીઓનો શિક્ષક તરીકે ઉપયોગ કર્યો.

કેટલાક યુવકો બહુ તોફાની અને આળસુ પણ હતા. આ વિદ્યાર્થીઓ શિક્ષકને શાના ગાંઠે ? ગાંધીજી અને કેલનબેકને સંસ્થાનાં કામો અંગે અવાર-નવાર જોહનિસબર્ગ જવાનું થતું એટલે વર્ગશિક્ષણ અનિયમિત રીતે થતું હતું. બીજી મુસીબત ધર્મશિક્ષણની હતી. મુસલમાન વિદ્યાર્થીને કુરાન શીખવવાનું અને પારસીને અવેસ્તા શીખવવાનું કામ ગાંધીજી પોતે કરતા. ખોજાના એક બાળકને ખોજાપંથીની એક નાનકડી પોથી, તે શીખવવાનો ભાર તેનાં માતા-પિતાએ ગાંધીજી પર નાખ્યો હતો. આમ તેમણે મુસલમાની અને પારસી પુસ્તકો ભેગાં કર્યાં. હિન્દુધર્મનાં મૂળતત્ત્વો તેમને સમજાય તેટલાં લખી કાઢ્યાં હતાં.

ટૉલ્સ્ટૉય આશ્રમમાં કરેલ શિક્ષણનો પ્રયોગ વ્યર્થ ન ગયો. બાળકોએ જે મેળવ્યું તે નિરર્થક નથી ગયું. વિચારમય અને ધાર્મિક આ પ્રયોગ હતો. ગાંધીજી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસમાં લખે છેઃ "શિક્ષણ માટે જે વર્ગ મને મળ્યો હતો તેવો ભાગ્યે જ કોઈને નસીબે આવ્યો હશે. સાતેક વર્ષનાં બાળકો અને બાળાઓમાંથી માંડી વીસ વર્ષના જુવાનિયા અને બાર-તેર વર્ષની બાળાઓ આ વર્ગમાં હતી. કેટલાક છોકરા જંગલી ગણી શકાય તેવા હતા. તોફાન પણ ખૂબ કરે. આ સંઘને શું શીખવવું ? બધાના સ્વભાવને કેમ અનુકૂળ થવું ? વળી બધાની સાથે કઈ ભાષામાં વાત કરવી ? તમીલ અને તેલુગુ છોકરા તો તેમની માતૃભાષા અને અંગ્રેજી જાણતા હતા. ગુજરાતીઓ સાથે ગુજરાતી અને બાકીના સાથે અંગ્રેજીમાં વાતો કરવી એમ બે વિભાગ પાડ્યા. તેઓ સાથે મોટાભાગે રસિક વાતો કરવી અને વાંચી સંભળાવવાની ગોઠવણ કરી હતી. બાળકોમાં મિત્રભાવ અને સેવાભાવ પેદા થાય તેવો ઉદ્દેશ રાખ્યો હતો. થોડું ઇતિહાસ-ભૂગોળનું સામાન્યજ્ઞાન આપવું અને થોડું લખતાં શીખવવું તેમ જ કેટલાંકને અંક ગણિત પણ શીખવવાનું રાખેલ.

સહ શિક્ષણઃ- બાળકો અને બાળાઓ વર્ગશિક્ષણમાં છૂટથી સાથે બેસતાં હતાં. ગાંધીજીનો આ પ્રયોગ વધારેમાં વધારે સૌને નિર્ભય બનાવવાનો હતો. અને સૌનો વિશ્વાસ મેળવવાનો હતો. આ પ્રયોગમાં જેમને તેઓ નિર્દોષ સમજતા હતા તેઓ દોષિત નીવડ્યા હતા. તેઓ પોતે પોતાની જાતનું વિશ્લેષણ કરતાં લખે છેઃ "મારામાં પણ મેં ઊંડેઊંડે વિકારો ભાળ્યા છે તેથી મન રાંક બન્યું છે. મને મારા પ્રયોગને વિશે પશ્ચાત્તાપ નથી. એ પ્રયોગને લીધે તો કંઈ જ ખરાબી નથી થઈ, પણ મારો આત્મા સાક્ષી પૂરે છે. જેમ દૂધનો દાઝ્યો છાશ ફૂંકી-ફૂંકીને પીએ, એવું કંઈક મારા વિશે ગણી શકાય.

આગળ કહે છે કે મનુષ્ય શ્રદ્ધા કે હિંમત બીજા પાસેથી ચોરી નથી શકતો. ટૉલ્સ્ટૉયફાર્મમાં મારી હિંમત અને શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચેલાં હતાં. એ શ્રદ્ધા અને હિંમત મને ફરી આપવા હું ઈશ્વરને વીનવી રહ્યો છું, પણ તે સાંભળે તો ને ? તેની પાસે તો મારા જેવા અસંખ્ય ભીખારીઓ

છે. તેના પર મારી શ્રદ્ધા પૂરી છે. જ્યારે હું યોગ્ય બનીશ ત્યારે તે મારી અરજ સાંભળશે, એમ પણ હું જાણું છું.

પ્રયોગઃ- લુચ્ચા ગણાતા છોકરાઓ અને નિર્દોષ યુવાન બાળાઓને સાથે નહાવા મોકલતાં પહેલાં મર્યાદાધર્મ અંગે ખૂબ સમજ આપી હતી. તેઓ બધાં મારા સત્યાગ્રહથી પરિચિત હતાં. મારો તેઓના પ્રત્યેનો સ્નેહ માના સ્નેહ જેટલો જ હતો. છોકરાઓ પણ માનતા હતા. પાણીનો ઝરો થોડો દૂર હતો. દીકરી પાછળ જેમ માની આંખ ફરે તેમ મારી આંખો સ્નાનઘાટે ફર્યા જ કરતી હતી. નહાવા તો બધા છોકરા— છોકરીઓ સાથે જ જતાં હતાં. ક્યાંય એકાંત નહોતું. પોતે તો પહેલાંથી જ સાથે હોય. મા-બાપોએ પણ તેમના પર વિશ્વાસ મૂકીને પ્રયોગ કરવા દીધો.

એક દિવસ એક જુવાનિયાએ બે બાળાઓની મશ્કરી કરી, ગાંધીજીએ પોતે તપાસ કરી. વાત સાચી નીકળી. તેમણે બાળાઓને સમજાવીને લાંબા વાળ કાપવાની સંમતિ મેળવી. તે પછી મશ્કરી તદ્દન બંધ થઈ ગઈ. આ પ્રયોગમાં શિક્ષકે તેનાં મા-બાપ બનવું જોઈએ ને પોતાનું માથું કોરાણે મૂકીને જ તેવા પ્રયોગો થાય. તેની પાછળ કઠણ તપશ્ચર્યા જોઈએ. આ પ્રયોગની અસર ફાર્મવાસીઓની તમામ રહેણી-કરણી પર થયા વગર ન રહી.

ઓછામાં ઓછા ખર્ચાળ રહેવું એ હેતુ હોવાથી પોષાકમાં પણ ફેરફાર કર્યો. ફાર્મ પર રહેનારાઓએ મજૂરનો પોષાક ધારણ કર્યો. સ્ત્રીઓ ઘણી ખરી સીવણકામ સુંદર રીતે કરી શકતી હતી. તેમણે બધાનું બધું સીવણકામ કરવાની જવાબદારી લીધી.

ખોરાકનો પ્રયોગઃ- ખોરાકમાં દાળ, ભાત, શાક, રોટલી અને ક્યારેક ખીર થતી. બધું એક વાસણમાં પીરસાય. આ વાસણ એટલે જેલમાં મળતી તાંસળી. પીરસવા માટે હાથે બનાવેલા લાકડાના ચમચા વપરાતા હતા. ત્રણ ટંક ખોરાક મળતો. સવારે છ વાગે રોટલી અને ઘઉંની કોફી, બપોરે દાળ-ભાત, સાંજે ઘેંશ- દૂધ અથવા રોટી અને ઘઉંની કોફી. સાંજે જમ્યા પછી ૭-૦૦થી ૭-૩૦ સાયંપ્રાર્થના, ભજન, ધૂન અને રામાયણવાચન, તથા ઈસ્લામના પુસ્તકમાંથી વાચન થતું. ભજનનું માધ્યમ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી કોઈ એક રહેતું હતું. રાત્રે ૯-૦૦ વાગે શયન. આ હતી દિનચર્યા.

હિન્દુ એકાદશી કરતા, મુસ્લિમ રોજા રાખતા. તેમના માટે તમામ સુવિધા કરવામાં આવતી હતી. તેથી હિન્દુ અને મુસ્લિમ બાળકો વચ્ચે ધર્મને લીધે કોઈ પ્રકારનો ઝઘડો કે ભેદભાવ થતો નહોતો. દરેક પોતે પોતાના ધર્મમાં ચુસ્ત રહેતા હતા, છતાં એકબીજા પ્રત્યે સંપૂર્ણ માન, સ્વમાન જાળવીને રહેતા હતા.

કુદરતી ઉપચારઃ- આશ્રમમાં કોઈપણ વ્યક્તિ માંદી પડે તો કુદરતી ઉપચાર કરવામાં આવતો હતો. પાણી, માટી, ઉપવાસ તથા ખોરાકમાં ફેરફાર કરવાથી બધી જાતની માંદગીમાં પહોંચી વળાતું હતું. મિ. કેલનબેકે પોતાના જિંદગીમાં ક્યારેય ટાઢ-તડકો વેઠ્યો નહોતો. દુનિયાના વૈભવો ભોગવવામાં કશી કચાશ નહોતી રાખી. પોતાના અંગત સુખ-સમૃદ્ધિ માટે દ્રવ્ય ખર્ચવામાં પાછી પાની નહોતી રાખી, પણ અહીં આવ્યા પછી એકપણ વિશિષ્ટ સગવડ ન ભોગવવાનું તેમણે નક્કી કર્યું હતું. આવા માણસનું ટૉલ્સ્ટૉય આશ્રમમાં રહેવું, સૂવું, બેસવું, ખાવું, પીવું અને ફાર્મવાસીઓ સાથે ઓત-પ્રોત થઈ જવું એ કોઈ નાનીસૂની વાત નહોતી. આશ્રમવાસીઓને આશ્ચર્ય જરૂર થતું અને ગોરા લોકો તો મિ. કેલનબેકને મૂર્ખ અથવા દીવાના ગણતા હતા. કેલનબેકનો ત્યાગ દુઃખરૂપ નહોતો. તેમને જેટલો આનંદ પોતાના વૈભવમાંથી મળતો હતો તેનાથી કેટલાય ગણો આનંદ ત્યાગભાવમાંથી મળતો હતો.

તેમના મળતાવડા અને પ્રેમાળ સ્વભાવને કારણે આશ્રમમાં રહેતા નાનાંમોટાં સૌ સાથે તેઓ એકદમ હળીમળી જતા હતા. તેમને ફળઝાડ ઉછેરવાનો અત્યંત શોખ હોવાથી માળીનું કામ તેમણે પોતાના હાથમાં લઈ લીધું હતું. તેઓ હંમેશાં બાળકો અને મોટાઓ પાસેથી ફળઝાડને સંવારવાનું કામ લેતા હતા. તનતોડ મહેનત કરાવતા હતા. છતાં સૌને તેમની સાથે કામ કરવું ગમતું હતું. તેમનો સદાય હસમુખો ચહેરો અને સ્વભાવ આનંદી હોવાથી સૌને તેઓ પોતીકા

લાગતા હતા.

તેમની સાથે ગાંધીજીને જ્યારે ધાર્મિક સંવાદો થતા ત્યારે સત્ય, અહિંસા, યમ, નિયમ ઇત્યાદિ વાતો થતી હતી. ગાંધીજીનો અહિંસાનો સિદ્ધાંત તેમણે કબૂલ કર્યો હતો. જે વસ્તુનો બુદ્ધિ સ્વીકાર કરે તે વસ્તુનો જીવનમાં અમલ કરવો યોગ્ય છે અને ધર્મ છે એવું તેમણે ગાંધીજીના સંપર્ક અને સંબંધ સાથે સ્વીકારી લીધું હતું; જેને કારણે મિ. કેલનબેક પોતાના જીવનમાં મહત્ત્વના ફેરફાર એક ક્ષણમાં વગર સંકોચે કરી શક્યા હતા.

મિ. કેલનબેક એક ગરીબ જર્મન આલ્બર્ટને ફાર્મ પર લઈ આવ્યા હતા. તે ગરીબ હતો, સાથે અપંગ પણ હતો. તેની ખૂંધ એટલી બધી વળી ગઈ હતી કે લાકડીના ટેકા વગર ચાલી શકતો નહીં, છતાં તે હિંમતે મર્દ હતો. અને તેની સાથે મદદે ખુદા હતા. પોતે શિક્ષિત હોવાથી સૂક્ષ્મ વાતોમાં બહુ રસ લેતો હતો. ફાર્મમાં તે હિન્દુઓ જેવો થઈને સૌની સાથે હળીમળી ગયો હતો. તે નિર્ભય હતો તેથી સર્પો સાથે રમતો હતો. સર્પને હાથમાં પકડીને તે રમાડતો હતો. જેનામાં સર્પનો ભય હોય અને જે પોતે પ્રાણત્યાગ કરવા તૈયાર નથી તે ભીડમાં આવ્યે સર્પને છોડવાનો નથી.

એક દિવસ એક સર્પ મિ. કેલનબેકની કોટડીમાં આવી ભરાણો. તેને મારવાની ગાંધીજી તરફથી રજા મળી. આ સંદર્ભમાં તેઓ લખે છેઃ “સર્પને હાથે પકડવાની અથવા ફાર્મવાસીઓને બીજી કોઈ રીતે નિર્ભય કરવાની મારામાં શક્તિ નહોતી અને અંત સુધી કેળવી શક્યો નહીં.”

ફાર્મમાં સત્યાગ્રહીઓની ભરતીઓટ સતત થયાં જ કરતી હતી, કેમ કે કેદમાં જનારા અને કેદમાંથી છૂટનારા સત્યાગ્રહીઓ કોઈ ને કોઈ હોય જ. તેમાંના બે કેદીઓ એવા આવી ગયા કે જેમને મૅજિસ્ટ્રેટે જાતમુચરકા પર છોડ્યા હતા. એક દિવસ તેઓને સજા સાંભળવાને માટે બીજા દિવસે અદાલતમાં હાજર રહેવાનું હતું. તેઓને ટ્રેન પકડવા માટે લોલી સ્ટેશન તરફ દોડતાં આવતાં જોઈને સ્ટેશન માસ્તરે ટ્રેનને રોકીને બન્ને યુવાનને બસાડી દીધા. એટલે તેઓ અદાલતમાં સમયસર હાજર રહી શક્યા. આ હતું સૌની સાથે મીઠા સંબંધોનું પરિણામ.

સત્યાગ્રહીઓને જેલમાં જવાની અને પોતાની પ્રતિજ્ઞા પાળવાની ધગશ હોવાને કારણે સ્થાનિક અમલદારો સાથે સત્યાગ્રહીઓ મીઠા સંબંધો કેળવી શક્યા હતા. આ સંબંધો ટ્રેન પકડવાના કામમાં આવ્યા, જેથી તેઓ બીજા દિવસે સમયસર અદાલતમાં હાજર થઈ શક્યા. વર્ના એ ન બનત. તેઓને માત્ર માણસાઈ પર વિશ્વાસ રાખી છોડેલ હતા. કેદીઓની વફાદારી બાબત કોર્ટના અમલદારોને માન હતું. અને તેથી અગોતરા જામીન લેવાનું પણ ટાળતા હતા. અહીં પણ એકબીજા પ્રત્યેના વિશ્વાસપાત્ર મીઠા સંબંધો જ કામ કરતા હતા.

ખોરાકના પ્રયોગોઃ- ગાંધીજીને ખોરાક અંગેના પ્રયોગો કરવાનો શોખ હતો. તેથી તેઓ ધાર્મિક, આર્થિક અને આરોગ્યની દૃષ્ટિએ વિવિધ પ્રયોગો કર્યા કરતા હતા. તેની અસર આસપાસ રહેનારા લોકો ઉપર પણ પડતી હતી. કોઈપણ પ્રકારની દવા લીધા વગરના પાણી અને માટીની મદદથી રોગો મટાડવાના કુદરતી ઉપચારના પ્રયોગો અવાર-નવાર તેઓ કર્યા જ કરતા હતા.

વકીલાત કરતાં કરતાં અસીલોનાં કુટુંબો સાથે કૌટુંબિક સંબંધો બંધાઈ જતા હતા. તેથી તેમને લોકો કુટુંબીજનના ભાગીદાર બનાવતા હતા. તેમની મદદ પણ લેતા હતા. ટૉલ્સ્ટૉયફાર્મમાં આવી મદદ લેનારા પણ કોઈકોઈ વખત મળી આવતા હતા. આમાંનો એક ઉત્તર હિન્દુસ્તાનનો પ્રથમ ગિરમીટિયો લુટાવ નામનો બુઢ્ઢો અસીલ પણ હતો. ઉંમર ૭૦ની હતી. તે ઘણા સમયથી દમ-ખાંસીના રોગથી પીડાતો હતો. વૈદ્યોની ફાકી અને ડૉક્ટરોની ગોળી-બાટલીનો તેણે ખૂબ અનુભવ લીધો હતો. છતાં સારું થતું નહોતું. ગાંધીજી પર તેને ખૂબ જ વિશ્વાસ હતો. તેથી તેણે ગાંધીચીંધ્યા માર્ગે ખાંસી મટાડવાનું નક્કી કર્યું. ગાંધીજીએ મૂકેલ શરતો પણ તેણે કબૂલ રાખી હતી.

લુટાવન નામના એક આશ્રમવાસીને તમાકુનું ભારે વ્યસન હતું. તમાકુ છોડવા માટે તૈયાર થયો. તેને ગાંધીજીએ એક દિવસનો નકોરડો ઉપવાસ કરાવ્યો. હંમેશાં બાર વાગે

ખરા તડકામાં ક્યુની બાથ આપવાનો પ્રારંભ કર્યો. ખોરાકમાં થોડા ભાત, થોડું ઓલિવ તેલ, મધ અને સાથે કોઈક વખતે ખીર અને મીઠી નારંગી અથવા દ્રાક્ષ, ભૂંજેલ ઘઉંની કોફી અને નિમક આપતા. મસાલા માત્ર બંધ કરાવ્યા. અને લુટાવની પથારી ગાંધીજીએ પોતાની નજીક રાખી. આ રીતની સારવાર તેમણે એક અઠવાડિયું લીધી. પરિણામે લુટાવના શરીરમાં તેજ આવ્યું. દમ, ખાંસી સાવ ઓછાં થઈ ગયાં. રાત્રે જ બન્ને ઉપાડો લેતાં હતાં. ગાંધીજીને શંકા ગઈ કે કંઈક ગડબડ છે. તેણે રાત્રે જાગી ચોકી કરવાનું નક્કી કર્યું. લુટાવનને મધરાતે ખાંસી ચડી. તેણે દિવાસળી સળગાવી બીડી શરૂ કરી. અચાનક લાઇટની ચાપ દબાવી તો સામે જ ગાંધીજીનાં દર્શન થયાં. પછી તે ગભરાયો. બધું સમજી ગયો ને બીડી બંધ કરીને બેઠો થયો. ગાંધીજીના પગમાં પડી ગયો. માફી માગવા લાગ્યો. હવેથી ક્યારેય તમાકુ નહીં પીવાનું વચન આપ્યું. પછી ત્રણ દિવસમાં તેના દમ-ખાંસી સાવ ઓછાં થઈ ગયાં. અને એક માસમાં તો સાવ બંધ થઈ ગયાં. તેના ચહેરા પર ચમક આવી ગઈ. પછી તો તેણે રજા માગી.

સ્ટેશન માસ્તરનો બે વર્ષનો દીકરો ટાઇફૉઈડમાં સપડાયો. માસ્તરે ગાંધીજીની સલાહ માગી. બાળકને સલાહ મુજબ એક દિવસ ખાવાનું કંઈ જ ન આપ્યું. બીજે દિવસે અડધુ કેળું છૂંદી, તેમાં એક ચમચી ઓલિવ તેલ, થોડાં લીંબુનાં ટીપાં નાખીને ખવડાવ્યું અને બીજો ખોરાક બંધ કરાવી દીધો. બાળકના પેટે માટીનાં પેડ બનાવી મૂકવામાં આવ્યાં. આરામ થઈ ગયો. કદાચ ટાઇફૉઈડનું ખોટું નિદાન થયું હતું.

હિન્દુસ્તાનમાં આવ્યા પછી ૧૯૧૮માં ગાંધીજીને મરડો થયો. પણ તેનો ઉપાય પોતે નહોતા કરી શકતા કેમ કે જે ઉપચાર દક્ષિણ આફ્રિકામાં સફળતા અપાવતો હતો તે અહીં સફળ થતો નહોતો. કદાચ અહીંના વાતાવરણને તે ઉપચારો અનુકૂળ ન પણ હોય. આત્મવિશ્વાસ ઓછો પણ હોઈ શકે. તેઓ કહે છે, આવા ઘરગથ્થુ ઉપચાર ટૉલ્સ્ટૉયફાર્મમાં દાખલ કરેલ. સાદાઈથી કંઈ નહીં તોયે બે લાખ રૂપિયા બચી ગયા હતા.

વિશેષ તો એ કે અહીં ટૉલ્સ્ટૉય આશ્રમમાં સાથે રહેવાથી કૌટુંબિક ભાવના પેદા થઈ, સત્યાગ્રહીઓને શુદ્ધ આશ્રયસ્થાન મળ્યું. અપ્રામાણિકતા અને દંભને અવકાશ ન રહ્યો.

નિરામિષ ભોજન કરનાર તરીકે દૂધ લેવાનો અધિકાર છે કે નથી તેનો વિચાર તો ગાંધીજીએ ખૂબ કરેલો. આ અંગે વાંચેલું પણ ખૂબ. એક દિવસ છાપામાં કલકત્તામાં ગાયભેંશોને ઘાતકી રીતે નિચોવીને દૂધ કાઢવામાં આવે છે તેવું વર્ણન કરવામાં આવ્યું હતું. તે વાંચ્યા પછી મિ. કેલનબેક અને ગાંધીજીએ દૂધ નહીં લેવાનો નિર્ણય કર્યો. કેવળ લીલાં અને સૂકાં ફળ ઉપર રહેવાનું નક્કી કર્યું. આ રીતે પાંચ વર્ષ સુધી ફળાહાર પર રહ્યા. પરિણામ એવું આવ્યું કે શારીરિક નબળાઈ આવી ગઈ. પણ શરીરમાં કોઈ વ્યાધિનો અનુભવ થયો નહોતો. ઊલટાની કામ કરવાની શારીરિક, માનસિક શક્તિ વધી. એક દિવસમાં ૫૫ માઇલની પગપાળા મુસાફરી કરી શક્યા હતા. તેઓ લખે છે, "આવા સખત પ્રયોગો આત્મશુદ્ધિની લડત માટે જ થઈ શકે. છેવટ યુદ્ધને માટે ટૉલ્સ્ટૉયફાર્મ આધ્યાત્મિક શુદ્ધિ અને તપશ્ચર્યાનું સ્થાન નીવડ્યું. જો આવું સ્થાન ન મળ્યું હોત અથવા ન મેળવ્યું હોત તો આઠ વરસ સુધી લડત ચાલી શકત કે નહીં, વધારે પૈસા મળી શકત કે નહીં, છેવટે જે હજારો માણસોએ લડતમાં ભાગ લીધો એ ભાગ લેત કે નહીં એ વિષે મને સંપૂર્ણ શંકા છે.

૧૯૦૬ સપ્ટેમ્બરથી અહીંની સત્યાગ્રહ લડત શરૂ થઈ હતી અને ૧૯૧૪ જુલાઈ ૨૦મીએ તેનો સુખાંત આવ્યો. મિ. કેલનબેક સાથે ગાંધીજી અને કસ્તુરબા વિલાયત જવા રવાના થયાં. આમ હંમેશ માટે દક્ષિણ આફ્રિકા છોડ્યું તે પછી તેઓ ૧૯૧૫માં ભારત આવ્યા. દક્ષિણ આફ્રિકામાં વાવેલ સત્યાગ્રહનું બીજ ભારતમાં વટવૃક્ષ થઈને રહ્યું. જેનાથી આપણે સૌ વાકેફ છીએ. દક્ષિણ આફ્રિકાએ મોહનમાંથી મહાત્મા બનાવીને ભારત મોકલ્યા. પછીનો ઇતિહાસ જે સુવર્ણ અક્ષરે લખાયો છે તે આપણે સૌ જાણીએ છીએ.

## (૦૩) ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા-મણાર વાર્ષિક અહેવાલ (જાન્યુઆરી-૨૦૧૯થી ડિસેમ્બર-૨૦૧૯)

---

- સુરસંગભાઈ ચૌહાણ

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા—મણાર સંસ્થાના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન એવા સાહિત્ય અને જીવાતા જીવન સાથે નિસ્બત સાધી આપતા સંવેદનશીલ આદરણીય કવિશ્રી કૃષ્ણભાઈ દવે, આ. શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો તથા વહાલા વિદ્યાર્થી ભાઈ-બહનો.

**શ્રદ્ધાંજલિ**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંસ્થાનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં ગાંધીવિચારને વરેલા, બુનિયાદી કેળવણીના સફળ મશાલચી અને લોકદક્ષિણામૂર્તિ પરિવારના વડીલ શ્રી અનિલભાઈ ભટ્ટ, પૂ. નાનાદાદાનાં મોટાં દીકરી શ્રી સરલાબહેન પાઠક, ગ્રામદક્ષિણામૂર્તિ પરિવારના શુભેચ્છક શ્રી ઝીણાભાઈ પટેલ-ઢસા, ગ્રામદક્ષિણામૂર્તિ પરિવારના શુભેચ્છક શ્રી ભદ્રાયુભાઈનાં ધર્મપત્ની શ્રી ઈલાબહેન વછરાજાની, આંબલાના પૂર્વવિદ્યાર્થી શ્રી મનુશંકરભાઈ જાની, સુરેન્દ્રનગર બાલાશ્રમના સ્થાપક લોકદક્ષિણામૂર્તિ પરિવારના શુભેચ્છક શ્રી નાગજીભાઈ દેસાઈ, લોકદક્ષિણામૂર્તિ પરિવારના પૂર્વકાર્યકર શ્રી નરશીભાઈ મકવાણાનાં ધર્મપત્ની શ્રી વજુબહેન મકવાણા, ધજાળા સંસ્થાના સ્થાપક લોકદક્ષિણામૂર્તિ પરિવારના પૂર્વવિધાર્થી શ્રી સવશીભાઈ મકવાણા, લોકભારતી લોકસેવામહાવિધાલયના આચાર્ય શ્રી હસમુખભાઈ સુથારનાં ધર્મપત્ની શ્રી પ્રવીણબહેન, લોકભારતીના પ્રથમ બેચના વિધાર્થી અને સમાણા લોકશાળાના પૂર્વ આચાર્ય શ્રી કનુભાઈ વ્યાસ, લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વકાર્યકર શ્રી હરિભાઇ રાવલ, પૂ. મનુદાદાના પરમ મિત્ર અને અમરગઢ ટી.બી. હૉસ્પિટલના સર્જન ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ સહિત આપણા બુહદ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છુ.

**નવનિયુક્તોને આવકાર**

આંબલામાં ત્રણ વર્ષથી ખાલી પડેલ આચાર્યની જગ્યા પર લોકભારતીના સ્નાતક શ્રી વાઘજીભાઈ કરમટિયા તેમજ મણારમાં અગિયાર વર્ષથી ખાલી પડેલ આચાર્યની જગ્યા પર લોકભારતીના સ્નાતક શ્રી ડાહ્યાભાઈ ડાંગર નવનિયુક્ત થયા છે. તેમને આવકાર સાથે અભિનંદન/શુભેચ્છાઓ.

**સંસ્થાના વિભાગનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં કેટલાક ખુશીના સમાચારની એક ઝલક**

૧. ગત સાલના તા. ૦૯મી જાન્યુઆરીના રોજના ઉજવાયેલ વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન પૂ. મોરારિબાપુ હતા. પૂ. બાપુએ નવનિર્મિત થયેલાં પ્રાર્થના હોલ તથા રસોડાનું દીપપ્રાગટ્ય કરી લોકાર્પણ કર્યું અને આશીર્વચન પાઠવ્યા. નિયામક શ્રી સુરસંગભાઈએ બન્ને સંસ્થાઓનો અહેવાલ રજૂ કર્યો. એ વર્ષના વાર્ષિક ઉત્સવના દાતાશ્રીઓનું પૂ. બાપુના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

૨. ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે તા.૧૬થી ૨૨ સુધી કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની આગેવાની

નીચે 'ગાંધીમૂલ્યોના માર્ગે' પદયાત્રાનું આયોજન થયું. આ પદયાત્રાનો શુભ પ્રારંભ મણાર સંસ્થાથી થયો. તેના મુખ્ય મહેમાન તરીકે રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે મણાર-લોકશાળાના વિદ્યાર્થીઓ અને અમદાવાદ-ભાવનગરના કલાવૃંદ દ્વારા ગાંધીગીતો દ્વારા સુંદર નૃત્યનો કાર્યક્રમ રજૂ થયો, શ્રી અરુણભાઈ દવેએ આ પદયાત્રાના હેતુઓ અને બુનિયાદી શિક્ષણ વિશે ભૂમિકા રજૂ કરી. આ પદયાત્રા દરમિયાન ગાંધીજીએ સૂચવેલાં અગિયાર મહાવ્રતો અંગે પ્રસિદ્ધ ચિંતકો-વિચારકો દ્વારા રસ્તામાં આવતાં ગામોએ અગિયાર મહાવ્રત સભાઓ થઈ. પદયાત્રાનું સમાપન લોકભારતી ખાતે રહ્યું. તેમાં મુખ્ય મહેમાન તારીખે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા.

૩. સૌરાષ્ટ્ર લોકશાળા સંઘદ્વારા આયોજિત સામાજિક વિજ્ઞાન વિષયની ૫૬મી રેલીનું આયોજન મણારમાં કરવામાં આવ્યું. તેમાં ઉદ્ઘાટનમાં ગુજરાત રાજ્યના ચૂંટણી કમિશ્નર શ્રી સંજયપ્રસાદજી, પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના પ્રોજેક્ટ ચીફ શ્રી પી. કે. શુકલાજી, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે હાજર રહ્યા. જ્યારે પૂર્ણાહુતિમાં શ્રી ડી. પી. દેસાઈ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ શ્રી મહિપતસિંહજી ચાવડા, ભાવનગર જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વ્યાસ સાહેબ તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા. રેલી દરમિયાન શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી અશોકભાઈ ડાભી, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી સંજયભાઈ તલસણિયા, શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ, શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ, શ્રી પંકજભાઈ ડગલી, શ્રી હિતેશભાઈ ઠાકર, શ્રી વી. એસ. સોલંકી હાજર રહ્યા.

૪. આંબલા સંસ્થામાં 'મોજીલું શિક્ષણ' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો, જેમાં સિહોર તથા પાલીતાણા તાલુકાનાં કુલ ૪૦ ગામમાં ૪૪ સરકારી પ્રાથમિક શાળાઓના કુલ ૩૦૩૨ વિધાર્થીઓ તેનો લાભ લે છે. આ પ્રોજેક્ટ માટે એક બોલેરો ગાડી તથા તેના આંબલા- મણારના પ્રોજેક્ટના ખર્ચ પેટે આર્થિક સહયોગ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ તરફથી મળે છે. આંબલા—મણારના આ પ્રોજેક્ટના કાર્યકરોએ આજ દિન સુધી આ પ્રોજેક્ટ તળે કુલ ૪ તાલીમ લીધી.

૫. અંલગ ગ્રામ પંચાયત અને તળાજા તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી મણાર સંસ્થામાં ૬૫-૬૫ બ્રાસ બ્લોક ફિટિંગ માટે મંજૂર થયેલ તે કામ પૂર્ણ થયું.

૬. દર વર્ષની જેમ આ વર્ષે સ્વ. મૃદુલાબહેન પ્ર. મહેતાની સ્મૃતિમાં પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાનમાળાના ૨૭મા મણકામાં મુખ્ય વક્તા જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર ગાંધીવિચારના મર્મજ્ઞ-અભ્યાસુ શ્રી રમેશભાઈ સંઘવીએ યોગ, ઉધોગ અને કેળવણી વિષય પર વ્યાખ્યાન આપ્યું.

૭. વર્ષ ૨૦૧૯ માર્ચમાં ધોરણ—૧૨નું ૧૦૦ ટકા પરિણામ આવતા ભાવનગર જિલ્લા આચાર્ય સંઘ તરફથી શાળાને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું.

૮. ખેલ મહાકુંભમેળામાં મણાર લોકશાળાની ખો-ખોની ટીમે જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ. આ ઉપરાંત બહેનોની ટીમે ઝોનલ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

૯. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સોસિયલ વેલ્ફેર-અમદાવાદ તરફથી આ વર્ષે શ્રી પ્રવીણભાઈ મહેતાને ગુરુ દ્રોણાચાર્ય એવૉર્ડ એનાયત થયો.

૧૦. આ વર્ષે તા.૦૨ ઑક્ટોબરના રોજ ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે આંબલામાં ગુજરાત ટુરિઝમના આર્થિક સહયોગથી વિશેષ રીતે ઉજવણી કરવામાં આવી. તેમાં ૧૦ ટુકડીઓ આંબલાની આજુબાજુનાં ૧૦ ગામોમાં જઈ ત્યાં ગ્રામ સફાઈ, ગ્રામ સભા, વ્યસન મુક્તિનાં પ્રદર્શનો વગેરે જેવા કાર્યક્રમો કર્યા. તેમજ જે તે ગામની પ્રાથમિક શાળા તથા ગ્રામ પંચાયતને કચરા ટોપલી, ગાંધીગીતોની સી.ડી., ગાંધી ફિલ્મની પેનડ્રાઇવ તથા ગાંધીજીનાં પુસ્તકો ભેટ આપવમાં આવ્યાં. આ કાર્યક્રમમાં આપણાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને હાલના

સાંસદ શ્રી ભારતીબહેન શિયાળ પણ જોડાયાં. બપોર પછી શ્રી નલિનભાઈ પંડિતનું વ્યાખ્યાન અને રાત્રે ગાંધી ફિલ્મ રાખવામાં આવી.

૧૧. જિલ્લા કક્ષાના યુવા મહોત્સવમાં મણારની સંગીત ટુકડીએ લોકગીતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

૧૨. મણારના કૌશલ્ય વર્ધન કેન્દ્રના સિવણ વર્ગની તાલીમ લીધેલ બહેનોએ વર્ષ દરમિયાન તૈયાર કરેલ ૧૦૦ જોડી કપડાંનું જરૂરિયાતમંદ બાળકોમાં વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું, તેમજ 'પ્લાસ્ટિકમુક્ત ભારત' અભિયાન અન્વયે મહિલાઓને વસ્તુ લાવવા માટે પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ ન કરવો પડે તે માટે કપડાંની ૫૦ થેલીઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

૧૩. આંબલામાં કૌશલ્ય વર્ધન કેન્દ્ર મંજૂર થતાં તેના મકાન(ઉદ્યોગ મંદિર)નું રિનોવેશન કામ કરવામાં આવ્યું.

૧૪. મણાર કૃષિ—બાગાયત કેન્દ્રના ડૉ. વીરેન્દ્રસિંહજી ચૌહાણ દુબઈ મુકામે આંતરરાષ્ટ્રીય એગ્રીકલ્ચર કોન્ફરન્સમાં જઈ આવ્યા, ત્યાં તેમણે શોધપત્ર રજૂ કર્યું. આ શોધપત્રને  પ્રથમ સ્થાન પ્રાપ્ત થતાં તેમને સન્માનિત કરવામાં આવ્યા. આ કોન્ફરન્સમાં વિશ્વના ૧૮ દેશોના ૭૦ જેટલા પ્રતિનિધિઓએ શોધપત્ર રજૂ કરેલાં તેમાં ગ્રામદક્ષિણામૂર્તિ-મણારનું નામ ગુંજતું થયું.

૧૫. આ વર્ષે આંબલાના ગ્રંથપાલ શ્રી અશોકભાઈ મહેતા વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા. તેઓનું નિવૃત્ત જીવન સુખમય અને નિરોગી રહે તેવી શુભેચ્છાઓ.

૧૬. મણાર મુકામે ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટની ટ્રસ્ટી મંડળની બેઠક મળી, અને નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવ્યા. આ ટ્રસ્ટી મંડળની બેઠકમાં ટ્રસ્ટી શ્રી મધુકરભાઈ પારેખ, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી અરુણભાઈ દવે, નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણ, બંને સંસ્થાના આચાર્યશ્રીઓ, ઉપનિયામકશ્રી, વ્યવસ્થાપકશ્રી, ડૉ. વીરેન્દ્રસિંહજી, પીડીલાઇટ ઈન્ડસ્ટ્રીઝના પ્રોજેક્ટ મેનેજરશ્રી પી. કે. શુક્લાજી હાજર રહ્યા.

૧૭. ગ્રામદક્ષિણામૂર્તિની વ્યવસ્થાપક મંડળની વર્ષમાં બે બેઠકો મળી અને વહીવટી નિર્ણયો લેવામાં આવ્યા.

૧૮. મણાર પ્રાથમિક શાળાએ આ વર્ષે ૧૦૦૦ આસોપાલવના રોપા ઉછેરીને વિના મૂલ્યે વિતરણ કર્યું.

**હવે ગત વર્ષના કેટલાક સમૂહના કાર્યક્રમ ઉપર એક નજર નાખી લઈએ.**

- મકર સંક્રાંતિ નિમિત્તે બન્ને સંસ્થાઓમાં ગૌશાળાની સફાઈ, ગોપૂજન અને ગો-મહિમાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- બન્ને સંસ્થાઓમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી.
- બંને સંસ્થાઓમાં રક્ષાબંધનનો તહેવાર ખૂબ ઉત્સાહથી ઉજવાયો. આંબલામાં સોનગઢ ગુરુકુલના શ્રી જાનીભાઈ તથા મણારમાં શ્રી નીલિમાબહેન વ્યાસે પ્રસંગોને અનુરૂપ વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.
- બંને સંસ્થાઓમાં લોકભારતી—સણોસરા તેમજ અન્ય સંસ્થાઓના બી.આર.એસ., બી.એડ્.ના વિદ્યાર્થીઓ શિક્ષણ નિવાસ માટે આવી ગયા.
- ગાંધી નિર્વાણ દિનની બંને સંસ્થાઓમાં ઉજવણી કરવામાં આવી અને ગાંધીજી વિષે કાર્યકરો દ્વારા પ્રાસંગિક વાતો  કરવામાં આવી. રાત્રે ગાંધી ફિલ્મદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- બંને સંસ્થાઓમાં ૧૫મી ઑગસ્ટે સ્વાતંત્ર્યદિન ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આંબલામાં પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રી સુખાભાઈ કરમટિયા તેમજ મણારમાં અલંગ ગ્રામ પંચાયતના મંત્રી શ્રી ભટ્ટભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

- નવા વર્ષના મંગળ પ્રભાતે આંબલામાં શ્રી અરુણભાઈ દવે તથા શ્રી લાલજીભાઈ નાકરાણી તેમજ મણારમાં શ્રી પ્રવીણભાઈની ઉપસ્થિતિમાં સ્નેહમિલન યોજાઈ ગયું. આ કાર્યક્રમમાં પરિવારજનો, ગ્રામજનો અને શુભેચ્છકો સારી એવી સંખ્યામાં હાજર રહ્યા.
- બને સંસ્થાઓમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી ઉનાળાના બે માસ મફત છાશ કેન્દ્ર ચલાવવામાં આવ્યાં. જેમાં આંબલામાં બે કેન્દ્ર અને મણારમાં ત્રણ કેન્દ્ર પર આ સેવા કર્યા કરવામાં આવ્યું.
- બંને સંસ્થાઓમાં સત્રારંભ કાર્યક્રમ યોજાયા. નિયામકશ્રી, ઉપનિયામકશ્રી, આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને આવકાર્યા.
- બંને સંસ્થાઓના કાર્યકરો પૂ. નાનાભાઈ, પૂ, મનુભાઈ, પૂ. મૂળશંકરભાઈ વ્યાખ્યાનમાળામાં લોકભારતી-સણોસરા જઈ આવ્યા.
- બંને સંસ્થાઓમાં પૂ. નાનાભાઈ પુણ્યતિથિ નિમિત્તે વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન રાખવામાં આવ્યાં, તેમાં આંબલા અને મણાર એમ બંને સંસ્થાઓમાં પૂ. નાનાદાદાના પુત્ર અને આપણા ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને પૂ. મૂળશંકરદાદાના પુત્ર શ્રી વિક્રમભાઈ ભટ્ટે વ્યાખ્યાન આપ્યાં.
- બંને સંસ્થાઓમાં આંનદબજાર, સ્વયંપાક, રમત-ઉત્સવ, વન-ડે પ્રવાસ, વગેરે કાર્યક્રમો રાખવામાં આવ્યા.
- બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ અનેક બાહ્ય પરીક્ષાઓમાં ભાગ લીધો.
- બંને સંસ્થાઓના એન.એસ.એસ. યુનિટ દ્વારા વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. તેમાં આંબલાની શિબિર-રાજપરા(ગોપ ટેરી) મુકામે અને મણારની શિબિર રામપર- ગોરિયાળા મુકામે 'ગાંધી-૧૫૦' વિષય પર રાખવામાં આવી.
- બંને સંસ્થાઓમાં ધો ૦૯ અને ૦૧નો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો.
- બંને સંસ્થાઓમાં મંત્રીમંડળની રચના કરવામાં આવી અને જવાબદારીની સોંપણી કરવામાં આવી.
- બંને સંસ્થાઓમાં અનેક વિશિષ્ટ દિનની ઉજવણી કરવામાં આવી અને પ્રસંગને અનુરૂપ બહારથી વક્તાઓને બોલાવવામાં આવ્યા.
- બંને સંસ્થાઓમાં અંધજનદિન નિમિત્તે આજુ-બાજુનાં ગામોમાં જઈને ફાળો એકત્રિત કરવામાં આવ્યો. આમાં ભાવનગર જિલ્લામાં મણારને પ્રથમ અને આંબલાને બીજું સ્થાન પ્રાપ્ત થયું.
- બંને સંસ્થાઓમાં રવિરાત્રિ કાર્યક્રમમાં ફિલ્મદર્શન, ગરબી, લોકડાયરો વગેરેનું આયોજન કરવામાં આવ્યું, તેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો.
- બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સજીવ ખેતી અંતર્ગત શાકભાજીનાં વાડોલિયાં કરવામાં આવ્યાં, જેમાં માત્ર ગૌશાળાના છાણિયા ખાતરનો અને ગોમૂત્રનો ઉપયોગ કરી વિવિધ શાકભાજી ઉગાડવામાં આવ્યાં. તેના વિતરણની વ્યવસ્થા છાત્રાલયના રસોડે તેમજ કાર્યકરોમાં કરવામાં આવી.
- આંબલામાં નર્સરીની પડતર જમીનમાં ગૌશાળા માટે ચારો વાવવામાં આવ્યો.
- બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સજ્જતા માટે અનેક કાર્ય શિબિરો અને તાલીમોનું આયોજન થયું. આંબલામાં ૦૮ વર્કશોપ/તાલીમ, મણારમાં ૦૫ વર્કશોપ/તાલીમ.

**સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ**

**મિટિંગ**

૧. આ વર્ષની ટ્રસ્ટી મંડળની બેઠક તારીખ ૧૪-૦૯-૨૦૧૯ના રોજ મણાર મુકામે શ્રી મધુકરભાઈ પારેખની અધ્યક્ષતામાં મળી, જેમાં જરૂરી વહીવટી નિર્ણયો કરવામાં આવ્યા.

૨. ગ્રામદક્ષિણામૂર્તિની વ્યવસ્થાપક મંડળની વર્ષમાં બે બેઠકો મળી અને વહીવટ વિષયક નિર્ણયો કરવામાં આવ્યા.

**પ્રાથમિક શાળા**

૧. ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલાની પ્રાથમિક શાળાના નર્સરી વિભાગને ફોરેસ્ટ ખાતા તરફથી રોપા ઉછેર માટે આર્થિક સહાય મળી. આ નર્સરીમાં રોપા ઉછેરી તેનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. વર્ષોથી આ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને બાગાયત, ખેતી અને રોપાઉછેર અંગેનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવે છે.

૨. બંને સંસ્થાઓમાં પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાઈ ગયા. બાળકોને ટ્રેક્ટરમાં બેસાડીને શોભાયાત્રા કાઢવામાં આવી.

૩. મણાર પ્રાથમિક શાળાએ આ વર્ષે ૧૦૦૦ આસોપાલવના રોપા ઉછેરીને વિના મૂલ્યે વિતરણ કર્યું.

૪. આંબલા પ્રાથમિક શાળા પ્રાંગણમાં શહીદ સ્મારક કાર્યક્રમ જિલ્લા પોલીસ વડાની કચેરી તરફથી ભાવનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તથા ભાવનગર જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો. અહીંની પ્રાથમિકશાળાની પ્રવૃત્તિઓ જોઈને અધિકારીઓએ આંનદની લાગણી વ્યક્ત કરી.

૫. આ ઉપરાંત પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનો શૌક્ષિણક પ્રવાસ કરાવવામાં આવ્યો.

સંસ્થાના દરેક કાર્યક્રમમાં અને ઉજવણીમાં પ્રાથમિક શાળાએ ઉત્સાહપૂર્વક અને સક્રિય રીતે ભાગ લીધો.

**લોકશાળા—છાત્રાલય—ઉત્સવ—રમત-ગમત**

૧. આંબલા—મણાર બંને સંસ્થાઓમાં સરકારશ્રી તરફથી જરૂરિયાતમંદ બહેનોને સાઈકલનું વિતરણ કરવામાં આવ્યું.

૨. બંને સંસ્થાઓમાં નીચે મુજબ વિધાર્થીઓની સંખ્યા રહી.

આંબલા

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૦૯ | ૨૬ | ૩૩ | ૫૯ |
| ૧૦ | ૩૩ | ૨૧ | ૫૪ |
| ૧૧ | ૩૦ | ૧૪ | ૪૪ |
| ૧૨ | ૩૭ | ૦૭ | ૪૪ |

મણાર

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૦૯ | ૨૯ | ૧૯ | ૪૮ |
| ૧૦ | ૨૩ | ૨૧ | ૪૪ |
| ૧૧ | ૩૩ | ૧૬ | ૪૯ |
| ૧૨ | ૨૦ | ૨૧ | ૪૧ |

૩. બંને સંસ્થાઓમાં ધો-૧૦ એસ.એસ.સી. અને એચ.એસ.સી. નું પરિણામ નીચે મુજબ રહેલ.

| વર્ષ | આંબલા | મણાર |
|---|---|---|
| એસ.એસ.સી. | ૮૭.૪૦% | ૭૮% |
| એચ.એસ.સી. | ૯૫.૬૫% | ૧૦૦% |

બંને સંસ્થાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી.

૪. ધોરણ -૧૦ અને ૧૨ના નબળા વિદ્યાર્થીઓ સાથેની બેઠક વિષય શિક્ષક તથા ગૃહપતિ-ગૃહમાતા સાથે રાખવામાં આવી. વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.

૫. આંબલામાં તારીખ ૦૮ જાન્યુઆરીના-૧૯ના રોજ વિદ્યાર્થીઓ તથા પરિવાર સાથે પ્રકૃતિને માણતા ડુંગરમાં બોર ખાવાનો કાર્યક્રમ યોજાયો.

૬. આંબલામાં ધૂળેટી અંતર્ગત રંગોત્સવના કાર્યક્રમમાં સૌ વિધાર્થીઓ તથા કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ઉજવણી કરી.

૭. સત્રના પ્રારંભે બંને સંસ્થાઓમાં છાત્રાલયના મંત્રીઓની ચૂંટણી યોજાઈ અને ચૂંટાયેલા મંત્રીઓને વિવિધ ખાતાઓની સોંપણી કરવામાં આવી. શપથ વિધિ બાદ શુભેચ્છા કાર્યક્રમ રાખવામાં આવ્યો.

૮. બંને સંસ્થાઓમાં આમ સભાનું આયોજન કરવામાં આવ્યું.

૯. આંબલામાં હાર્ટફૂલનેસ મેડિટેશન અઠવાડિયામાં બે દિવસ ચાલે છે. ભાવનગરથી શ્રી રામભાઈ વિનામૂલ્યે સેવા આપવા આવે છે.

૧૦. બંને સંસ્થાઓમાં સત્રારંભ સંમેલન રાખવામાં આવ્યું. કાર્યકરોએ પ્રસંગને અનુરૂપ વાતો કરી અને સૌ વિદ્યાર્થીઓને સંસ્થામાં રહી ઉત્તમ શિક્ષણ–સંસ્કાર મેળવે તેવી શુભેચ્છા પાઠવી.

૧૧. વિશ્વ યોગદિન નિમિત્તે પ્રાથમિકશાળા અને લોકશાળાના વિદ્યાર્થીઓ તથા કાર્યકરો પ્રાથમિક શાળાના પ્રાંગણામાં યોગ કરી ઉત્સાહપૂર્વક જોડાયા.

૧૨. મણારમાં અંક્લેશ્વરવાળા શ્રી હિમાંશુભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા લોકસાહિત્યના માધ્યમથી વ્યસન મુક્તિની વાતો કરવામાં આવી.

૧૩. આંબલામાં ૩ દિવસની અભિમુખતા શિબિરનું આયોજન થયું. ઉદ્ઘાટનમાં લોકભારતીના અધ્યાપકશ્રી નીતિનભાઈ ભીંગરડિયા તેમજ સમાપનમાં શ્રી અરુણભાઈ દવે હાજર રહ્યા.

૧૪. બંને સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમાના દિવસે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું. આંબલામાં મુખ્ય વક્તા તરીકે શ્રી હીરજીભાઈ નાકરણી તથા મણારમાં શ્રી વિક્રમભાઈ ભટ્ટ અને તેમના પત્ની શ્રીમતી દર્શનાબહેન ભટ્ટ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યાં.

૧૫. આંબલામાં શિક્ષકદિન નિમિત્તે શ્રી મનસુખભાઈ સલ્લા તથા શ્રી કુમુદભાઈ ઠાકરે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું.

૧૬. ઉત્સવોની ઊજવણીને ગ્રામદક્ષિણામૂર્તિ પરિવારે શિક્ષણનું મહત્ત્વનું અંગ માન્યું છે. આથી બંને સંસ્થાઓમાં અનેક ઉત્સવો તથા વિવિધ દિનની ઉજવણી કરવામાં આવી.

૧૭. બંને સંસ્થાઓમાં નીચે મુજબના ઉત્સવો ઉજવવામાં આવ્યા તેમજ વર્ષ દરમિયાન શૈક્ષણિક સંદેશ આપતી ફિલ્મ પણ બતાવવામાં આવી. બંને સંસ્થાઓમાં સંગીત સંધ્યાના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| રક્ષાબંધન | ગુરુપૂર્ણિમા | ૧૫મી ઑગસ્ટ |
| ૨૬મી જાન્યુઆરી | ગાંધી જયંતી | સરદાર જયંતી |
| નાતાલ | નવરાત્રી | યોગદિન |
| વિશ્વ વસતિદિન | અંધજનદિન | શરદ પૂર્ણિમા |
| ગાંધીનિવાર્ણદિન | સ્વામી વિવેકાનંદ જયંતી | નાનાભાઈજયંતિ |
| સ્વયં શિક્ષણદિન | | |

૧૮. બંને સંસ્થાઓમાં લોકશાળાઓમાં વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે કાર્યક્રમો રહ્યા.

| | | | |
|---|---|---|---|
| સ્વયંપાક | નિબંધ સ્પર્ધા | ચિત્ર સ્પર્ધા | સ્પોર્ટ ડે |
| રવિવારિયા કાર્યક્રમ | વિજ્ઞાન–ગણિત પ્રદર્શન | સમૂહભોજન | જલદિન |
| સિંહદિન | લોકડાયરો | | |

૧૯. બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનો અતિ પ્રિય કાર્યક્રમ આંનદબજારનું આયોજન કરવામાં આવ્યું અને તેમાં વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

૨૦. આંબલામાં વિદ્યાર્થીઓનો બીજો અતિ પ્રિય કાર્યક્રમ ખજાનાની શોધનું આયોજન કરવામાં આવ્યું.

૨૧. બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંપાકનું આયોજન કરવામાં આવ્યું. અને વિદ્યાર્થીઓએ જુદી-જુદી ટુકડીઓમાં વિવિધ વાનગીઓ બનાવી. તેનો આસ્વાદ માણ્યો.

૨૨.　બંને સંસ્થાઓમાં લોકસાહિત્યના કાર્યક્રમ કરવામાં અવ્યા, તેમાં બહારથી કલાકારો આવ્યા.

**વિદ્યાર્થી સજ્જતા તાલીમમાં ભાગીદારી**

બંને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને ઉપયોગી એવી અનેક તાલીમ વર્કશોપનું આયોજન થયું. જે નીચે મુજબ છે.

**આંબલા**

- રોજગાર વિભાગ દ્વારા કેરિયર ગાઈડન્સ તાલીમ.
- ઓરીગામી પ્રવૃત્તિ અન્વયે જ્ઞાન સાથે ગમ્મતથી શ્રી લાલજીભાઈ શિયાળે તાલીમ આપી.
- ધોરણ ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓને બ્રિજરાજસિંહ ગોહિલ દ્વારા રોજગાર કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું.
- આંતરરાષ્ટ્રીય યોગવિદ્યા ગુરુકુળ નાસિકથી શ્રી શાંતનુજી જોષીએ યોગનું મહત્ત્વ સમજાવ્યું તેમજ યોગાસન કરાવ્યાં.
- શ્રી વિકાસભાઈ શિયાળ (બોરડા) દ્વારા ચિત્રકલા તથા મોટિવેશન સ્પીચ આપવામાં આવી.
- શ્રી પ્રદીપભાઈ પારેખ દ્વારા કરાટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.
- ધોરણ ૦૯ના વિદ્યાર્થીઓ શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન સાથે વિજ્ઞાનમેળામાં વળાવડ મુકામે જઈ આવ્યા.
- શ્રી જિજ્ઞેશભાઈ પટેલ દ્વારા પાંચ દિવસની યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. તેઓએ વિદ્યાર્થીઓને યોગ વિષે માહિતી આપી, જીવનમાં નિરોગી રહેવા માટે ક્યાં યોગાસનો કરવા જોઈએ તેનું પ્રેક્ટિકલ જ્ઞાન આપ્યું.
- જીવનવિદ્યા શિબિરનું ઉદ્ઘાટન શ્રી કુમુદભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું. તેમાં છત્તીસગઢથી સુશ્રી નિધિજીએ વિધાર્થીઓને જીવન જીવવાની કળા વિષે માર્ગદર્શન આપ્યું.
- સંસ્થાના સ્થાપક પૂ. દાદાઓ તથા અન્ય મહાનુભાવોની પુણ્યતિથિએ બહારથી વક્તાઓને બોલાવી વિદ્યાર્થીઓ તથા કાર્યકરોનું ઘડતર થાય તે માટે વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું.

**મણાર**

- શ્રી કૌશિકભાઈ પારેખ દ્વારા વૈદિક ગણિત માર્ગદર્શન શિબિર ગોઠવવામાં આવી. આ શિબિરનો લાભ દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક લીધો.
- શ્રી ભાવનાબહેન પારેખ દ્વારા એક્યુપ્રેશર શિબિરનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ રોગોમાં ઘરગથ્થું ઉપચાર કેમ કરવો તેનું જ્ઞાન મેળવ્યું.
- ગાંધી અને નશાબંધી વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો, તેમાં માધ્યમિક વિભાગમાં દ્વિતીય ક્રમ તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો.
- ક્યુ.ડી.સી. કક્ષાના કલા ઉત્સવમાં સથરા મુકામે સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો, તેમાં ધોરણ ૧૨ની મિતલબહેને કાવ્યલેખનમાં દ્વિતીય ક્રમ તથા વક્તૃત્વ સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ. તેમને અભિનંદન.

**નેચર ક્લબ (પ્રકૃતિ ક્લબ)**

- આંબલામાં શ્રી ભારતેન્દુભાઈ દવે અને શ્રી નરેન્દ્રભાઈ મકવાણા દ્વારા નેચર ક્લબ ચલાવવામાં આવે છે. તેમાં વર્ષમાં અઠવાડિક મિટિંગ દર શુક્રવારે થઈ અને વિદ્યાર્થીઓને પશુ-પક્ષી, પર્યાવરણ ફિલ્મ દર્શન, વિષે માહિતી આપવામાં આવી.
- ધોરણ ૦૯ના વિદ્યાર્થીઓનો પ્રકૃતિ શિક્ષણ શિબિર હિંગોળગઢ મુકામે યોજાયો, તેમાં શ્રી શાંતિભાઈ તથા શ્રી

કૈલાસબહેનના માર્ગદર્શનમાં જઈ આવ્યા.

- ક્લબના વિદ્યાર્થીઓને શ્રી ભારતેન્દુભાઈ દવે ડુંગરમાં પક્ષી દર્શન માટે લઈ ગયા.

## રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)

### આંબલા

- આંબલા યુનિટની વાર્ષિક ખાસ શિબિર રાજપરા (ગોપ ટેરી) મુકામે યોજાઈ ગઈ, તેમાં સંસ્થાના ઇનચાર્જ આચાર્ય શ્રી ગૌરાંગભાઈ વોરા, સંસ્થાના ઉપનિયામક શ્રી રાજેન્દ્રસિંહજી વાળા તેમ જ રાજપરાના શ્રી દાનાભાઈ કુવાડિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- આ વર્ષે ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી હોવાના કારણે 'ગાંધી-૧૫૦' વિષય રહ્યો. સાત દિવસ દરમિયાન જુદા જુદા વક્તાઓ દ્વારા જુદી જુદી જગ્યાએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સમક્ષ ગાંધીજી વિષે વક્તવ્યો રજૂ થયાં. પદયાત્રા દરમિયાન ગ્રામ સફાઈ, ગ્રામ સભા, વ્યસન મુક્તિનાં પ્રદર્શનો, પ્રાથમિક શાળાના વિધાર્થીઓ સાથે વિવિધ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે કાર્યક્રમો થયા.
- આંબલામાં રાજકોટની રણછોડદાસજી હોસ્પિટલના સહયોગથી નેત્રયજ્ઞનું આયોજન થયું, તેમાં ૧૧૦ દર્દીઓએ તેનો લાભ લીધો, ૩૯ દર્દીઓનાં મોતિયાનાં ઓપરેશન કરવામાં આવ્યાં.

### મણાર

- મણાર યુનિટની એન.એસ.એસ.ની વાર્ષિક ખાસ ગ્રામ શિબિર રામપર ગોરિયાળા મુકામે સંસ્થાના નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણ, ઉપનિયામકશ્રી મહેંદીભાઈ અભવાણી તથા ઇનચાર્જ આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. આ વર્ષે ગાંધીજીની ૧૫૦મી જન્મ જંયતી હોવાના કારણે 'ગાંધી-૧૫૦' વિષય રહ્યો. સાત દિવસ દરમિયાન જુદાજુદા વકતાઓ દ્વારા વિધાર્થીઓને ગાંધીજીના જીવન ઉપરના પ્રસંગો તેમ જ ગાંધીજીના વિચારો વિષે વક્તવ્યો રજૂ થયાં. શિબિર દરમિયાન ગ્રામ સફાઈ, ગ્રામ સભા, વ્યસન મુક્તિનાં પ્રદર્શનો, પ્રાથમિક શાળાના વિધાર્થીઓ સાથે વિવિધ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા.
- આ ઉપરાંત બંને સંસ્થાઓમાં એન.એસ.એસ.ની નિયમિત પ્રવૃત્તિઓમાં સ્વંય સેવકોએ વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી.

## બાહ્ય પરીક્ષાઓ

આંબલા—મણાર બંને કેમ્પસ ઉપર અભ્યાસ ઉપરાંત અન્ય પરીક્ષાઓ જેવી કે જનરલ નોલેજ, સ્વામી વિવેકાનંદ, ગાયત્રી પરિવાર, 'શુદ્ધ ખાદી શા માટે?' જેવી વિવિધ પરીક્ષાઓ વર્ષ દરમ્યાન યોજાઈ, જેમાં મોટા ભાગના વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓ રસથી જોડાયાં અને પરીક્ષાઓ આપી.

### મણાર

- સ્વામી વિવેકાનંદ કેન્દ્ર-ભાવનગર તરફથી સ્વામી વિવેકાનંદના જીવન પર પરીક્ષા લેવામાં આવી, તેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જિલ્લા કક્ષાની પરીક્ષામાં વિક્રમભાઈ તથા હિમંતભાઈએ ભાગ લીધો.
- માતૃભાષા દિન નિમિત્તે સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, તેમાં દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ઉપરાંત આદર્શ વાચનની પણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
- સરકારશ્રી તરફથી લેવામાં આવતી પ્રખરતા શોધ કસોટીમાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું.

- ‘શુદ્ધ ખાદી શા માટે?’ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું, તેમાં ૧૮૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- જનરલ નોલેજ પરીક્ષામાં ૧૮૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- ગાંધી વિચાર પરીક્ષામાં ૧૩૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- ભારતીય સંસ્કૃતિ પરીક્ષામાં ૧૧૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.

**આંબલા**

- ‘શુદ્ધ ખાદી શા માટે?’ પરીક્ષાનું આયોજન કરવામં આવ્યું, તેમાં ૧૨૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- ગાંધી વિચાર પરીક્ષામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.

**સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ**

- વર્ષ દરમિયાન કરવાની પ્રવૃતિઓ માટે માલપરા મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિક મિટિંગ શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષમાં મળી. તેમાં સંઘ સાથે જોડાયેલ ૨૦ લોકશાળાના આચાર્યશ્રીઓ તથા સંચાલકશ્રીઓ હાજર રહ્યા. વર્ષ દરમિયાન કરવાના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા. ગત વર્ષનો અહેવાલ તથા હિસાબો રજૂ કરવામાં આવ્યા. પરીક્ષા સમિતિ તરફથી પણ હિસાબ રજૂ કરવામાં આવ્યા. વર્તમાન સમયના શિક્ષણ અંગેના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી.
- ૫૬મી રેલીની પૂર્વ તૈયારી માટે લોકભારતી, ડોળિયા, મણાર એમ કુલ ૩ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૫૬મી રેલી સામાજિક વિજ્ઞાન વિષય પર મણાર તથા ડોળિયા મુકામે યોજાઈ ગઈ. રેલી દરમિયાન બંને સંસ્થાઓમાં જુદા જુદા તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને અને વિષયને ધ્યાને રાખી વક્તવ્યો રજૂ થયાં. શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી અશોકભાઈ ડાભી, શ્રી વિશાલભાઈ જોષી, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી સંજયભાઈ તલસણિયા, શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ, શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ, શ્રી પંકજભાઈ ડગલી, શ્રી હિતેશભાઈ ઠાકર, શ્રી વી. એસ. સોલંકીએ વિષયને અનુરૂપ વક્તવ્યો રજૂ કર્યા.
- મણારમાં રેલીના ઉદ્ઘાટનમાં ગુજરાત રાજ્યના ચૂંટણી કમિશ્નર શ્રી સંજયપ્રસાદજી, પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝના પ્રોજેક્ટ ચીફ શ્રી પી. કે. શુક્લાજી, મેને. ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહ્યા. જ્યારે પૂર્ણાહુતિમાં શ્રી ડી. પી. દેસાઈ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ મા. શ્રી મહિપતસિંહજી ચાવડા, ભાવનગર જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વ્યાસ સાહેબ હાજર રહ્યા.
- ડોળિયા મુકામે રેલીના ઉદ્ઘાટનમાં ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, શ્રી ડી. એચ. પટેલ સાહેબ, ધારાસભ્ય શ્રી ઋત્વિકભાઈ મકવાણા તથા શ્રી કલ્પનાબહેન મકવાણા હાજર રહ્યાં. જ્યારે પૂર્ણાહુતિમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી જેસિંગભાઈ ડાભી, શ્રી એ. જે. શાહ સાહેબ, ડી.ઈ.ઓ. શ્રી એસ. એમ. બારડ સાહેબ હાજર રહ્યા.
- રેલી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ અંક વિમોચન, મેદાની કવાયત કાર્યક્રમ, રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેનું આયોજન કરવામાં આવ્યું. રેલીમાં બંને જગ્યાએ થઈ કુલ ૨૦ લોકશાળાના ૧૬૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. રેલીના આયોજન અને અમલીકરણમાં શ્રી અરુણભાઈ દવેએ અથાક મહેનત કરી.
- સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા છેલ્લાં કેટલાક વર્ષોથી પ્રથમ, દ્વિતીય, અને વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો કાઢવાનું ગોઠવાય છે. આ વર્ષે પણ તેનું વ્યવસ્થિતિ આયોજન થયું. સંઘ સાથે જોડાયેલ લોકશાળાઓને સમયસર પ્રશ્નપત્રો

પહોંચાડવામાં આવ્યાં. તેનું સમગ્ર આયોજન પરીક્ષા સમિતિએ સુપેરે પાર પાડ્યું, તે માટે પરીક્ષા સમિતિને ધન્યવાદ.

**કાર્યકર સજ્જતા**

- અમરાપુર ખાતે યોજાયેલા ગુજરાત નઈ તાલીમ સંઘ સમેલનમાં આંબલાથી શ્રી રાજેન્દ્રસિંહજી વાળા, શ્રી ગૌરાંગભાઈ વોરા, શ્રી રામદેવસિંહજી ગોહિલ તથા મણારથી શ્રી સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- 'મોજીલા શિક્ષણ પ્રોજેક્ટ' અંતર્ગત માઈધાર મુકામે તાલીમમાં આંબલાથી શ્રી ગૌરાંગભાઈ વોરા તથા મણારથી શ્રી સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- વિશ્વ યોગ દિનની ઉજવણી માર્ગદર્શન શિબિરમાં ભાવનગર મુકામે આંબલાથી શ્રી ગૌરાંગભાઈ વોરા અને મણારથી શ્રી વિનોદભાઈ વાઘેલા જઈ આવ્યા.
- ગણિત-વિજ્ઞાન તાલીમમાં આંબલાથી શ્રી નરેન્દ્રભાઈ મકવાણા લોકભારતી ખાતે જઈ આવ્યા.
- જિલ્લા ઇકો ક્લબ મિટિંગમાં આંબલાથી શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તથા મણારથી શ્રી વિનોદભાઈ વાઘેલા ભાવનગર ખાતે જઈ આવ્યા.
- આ ઉપરાંત બને સંસ્થાઓના કાર્યકરો લોકભારતી, સુરેન્દ્રનગર, ભાવનગર ખાતેની વ્યાખ્યાનમાળાઓમાં જઈ આવ્યા.

**આંબલા કૃષિ વિભાગ**

- પ્રાયોગિક ખેતીમાં ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા કૃષિ વિષયને અનુસંધાને આ વર્ષે કપાસ, તલ, એરંડીનું ઉત્પાદન કરી વિધાર્થીઓએ તે અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન મેળવ્યું.
- આ વર્ષે વરસાદ સારો થવાથી છેટી વાડીએ કપાસનો ઉતારો ખૂબ જ સારો રહ્યો. આ ઉપરાંત લીંબુ, જામફળનો પણ ઉતારો સારો રહ્યો.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ નર્સરી વિભાગના આંબા, ચીકુનો ઈજારો આપવામાં આવ્યો. તેનો પણ ઉતારો પ્રમાણમાં સારો રહ્યો.
- નર્સરી વિભાગની પડતર જમીન ગૌશાળાને લીલોચારો કરવા માટે આપવામાં આવી, જેના કારણે બહારથી લીલોચારો ઓછો ખરીદવો પડ્યો.
- નર્સરી વિભાગના લીંબુનો ઉતારો પણ પ્રમાણમાં સારો રહ્યો.
- વિદ્યાર્થીઓ દ્વારા બંને કેમ્પસ પર સજીવ ખેતી વડોલિયા પ્રોજેક્ટ ચાલે છે. વિદ્યાર્થીઓ દ્વારા તેમાં ગૌશાળાના છાણિયા ખાતર અને ગોમૂત્રનો ઉપયોગ કરી શાકભાજી વાવવામાં આવે છે. અને તેનું વિતરણ રસોડા—કાર્યકરોમાં કરવામાં આવે છે. આ પ્રોજેક્ટદ્વારા વિધાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને ઓર્ગેનિક ખેતીનું મહત્ત્વ તેમ જ તે અંગેની સમજણ આપવામાં આવે છે.

**મણાર કૃષિ વિભાગ**

- આ વર્ષે ઠંડીના કારણે આંબમાં મ્હોર ખૂબ જ આવેલ, પરંતુ વાતાવરણ પલટાતા કેરીનો પાક નિષ્ફળ ગયો અને જે ઉત્પાદન થયું તેનું હોમ ડીલીવરીથી વેચાણની વ્યવસ્થા ગોઠવવામાં આવી.
- આ વર્ષે ચોમાસુ પાકમાં ૪૧ વીઘામાં સોયાબીનનું વાવેતર કરવામાં આવ્યું.

- ૧૮ વીઘા જમીન નવ સાધ્ય કરી તેમાં ગૌશાળા માટેનો લીલોચારો કરવામાં આવ્યો.
- ૧૧૦ વીઘામાં ૪૯૬ જાતનું ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું.
- આ વર્ષે અનેક મહાનુભાવો આપણા ખેતી વિભાગની મુલાકાતે આવી ગયા, તેમાં આણંદ યુનિવર્સિટીના શ્રી જી. એમ. પટેલ, લોકભારતી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ, ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી વિક્રમભાઈ ભટ્ટ, ડૉ. સી. પી. સિંગ વગેરેનો સમાવેશ થાય છે.

**ગૌશાળા વિભાગ**

- આંબલા ગૌશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૬ લિટર અને મણાર ગૌશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૪.૫ લિટર રહ્યું.
- હાલમાં બંને સંસ્થાઓની ગૌશાળાઓમાં ચાફકટરનો ઉપયોગ કરવામાં આવે છે.
- બંને સંસ્થાઓમાં દૂધ વધે ત્યારે ઘી બનાવવામાં આવે છે. જે વિતરણ કરતાં તેની માંગ ખૂબ જ વધી છે.

આંબલા અને મણાર ગૌશાળામાં હાલ નીચે પ્રમાણે પશુઓ છે.

| ક્રમ | પશુની વિગત | આંબલા | મણાર |
|---|---|---|---|
| ૦૧ | દૂઝણી ગાય | ૦૭ | ૧૫ |
| ૦૨ | ગભાણી ગાય | ૦૬ | ૦૬ |
| ૦૩ | ધાવતા વાછરું | ૦૪ | ૧૫ |
| ૦૪ | વોડકાં | ૧૧ | ૨૦ |
| ૦૫ | ગોઢલા | ૦૦ | ૦૫ |
| ૦૬ | બળદ | ૦૦ | ૦૬ |
| ૦૭ | ખૂંટ | ૦૨ | ૦૧ |
| | કુલ | ૩૦ | ૬૮ |

- મણારમાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના ડેરી વિભાગના ડૉ. સુરેન્દ્ર રાનડે ગૌશાળાની મુલાકાતે આવી ગયા.
- મણારમાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના ડેરી વિભાગના ડૉ. સુરેન્દ્ર રાનડેદ્વારા પશુ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જરૂરી પશુઓને સારવાર પણ આપવામાં આવી.
- બંને સંસ્થાઓની ગૌશાળાઓમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી ઉનાળામાં બે માસ દરમિયાન મફત છાસ કેન્દ્રો ચલાવવામાં આવ્યાં. જેમાં આંબલામાં બે કેન્દ્રમાં કુલ ૨૨૫ ગરીબ કુટુંબોએ તેનો લાભ લીધો, જ્યારે મણારમાં ત્રણ કેન્દ્રોમાં કુલ ૨૫૦ ગરીબ કુટુંબોએ લાભ લીધો.

**મણાર કેન્દ્રનો વિશિષ્ટ પ્રોજેકટ : કૃષિ બાગાયત સંશોધન કેન્દ્ર**

- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ-મુંબઈ, ગુજરાત સરકારના બાગાયત વિભાગ અને ગ્રામદક્ષિણામૂર્તિ-મણારના સહિયારા પુરુષાર્થથી મણાર કેમ્પ પર ૨૦ એકર જમીનમાં ૨૦૧૭થી કૃષિ બાગાયત સંશોધન કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.
- સિહોર તાલુકાના પીપળિયા ગામે જિલ્લા બાગાયત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં ખેડૂત શિબિર યોજવામાં આવી,

તેમાં ડૉ. વીરેન્દ્રસિંહજી તથા શ્રી સુરરંગભાઈ ચૌહાણ હાજર રહ્યા.

- મુંબઈ મુકામે પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝમાં ડૉ. વીરેન્દ્રસિંહજી ૭ દિવસની તાલીમમાં જઈ આવ્યા.
- મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત અંલગ મુકામે ત્રણ મહિલા મંડળની ૫ દિવસની ઉદ્યોગ તાલીમ યોજાઈ ગઈ.
- તળાજા તાલુકા કક્ષાના કૃષિ મેળામાં ડૉ. વીરેન્દ્રસિંહજી તથા તેમના કાર્યકરો જઈ આવ્યા.

**આ વર્ષની આ કેન્દ્ર નવી ઉપલબ્ધિ નીચે મુજબની છે.**

- સિટ્રોનીલા(સુંગધી ઘાસ)માંથી તેલ કાઢવાનું યુનિટ શરૂ કરવામાં આવ્યું. આ યુનિટ શરૂ કરવા માટે મુંબઈથી પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝમાંથી શ્રી લોઢાવાળા સાહેબ તથા તેમની ટીમ માર્ગદર્શન આપવા માટે આવી ગયા. આ યુનિટના ઉદ્ઘાટનમાં ભાવનગર તથા બોટાદ બંનેના જિલ્લાના ડી.ડી.ઓ. સાહેબો ઉપસ્થિત રહ્યા. આ યુનિટમાંથી ૧ ટન ઘાસમાંથી ૫ લિટર તેલ કાઢવામાં આવ્યું. તેનો રૂપિયા ભાવ ૧૫૦૦થી ૨૦૦૦નો હોય છે. આજ દિન સુધી આ યુનિટની મુલાકાતે ૧૧ ખેડૂત મંડળો, તાલુકા તથા જિલ્લાના અધિકારીશ્રીઓએ મુલાકાત લીધી. આપાણા ટ્રસ્ટીશ્રી અને પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના માલિક મા. શ્રી મધુકરભાઈ પારેખે ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો. આજ દિન સુધીમાં આ યુનિટમાં ૭૦ લિટર જેટલું તેલ બનાવવામાં આવ્યું.

**આ વર્ષ દરમિયાન કૃષિ બાગાયત કેન્દ્રની નીચે મુજબના મહેમાનોએ મુલાકાત લીધી.**

| | |
|---|---|
| ૧. ડૉ. દિનદયાળ મિશ્રા, મુંબઈ | વનસ્પતિ શાસ્ત્ર પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક |
| ૨. ડૉ. અરવિંદભાઈ લાંબ, મહારાષ્ટ્ર | વૈજ્ઞાનિક – દરિયાઈ શેવાળ પ્રોજેક્ટની તપાસ માટે |
| ૩. ડૉ. રીના, મહારાષ્ટ્ર | વૈજ્ઞાનિક – દરિયાઈ શેવાળ પ્રોજેકટની તપાસ માટે |
| ૪. ડૉ. જયેશભાઈ જૈન, મહારાષ્ટ્ર | વૈજ્ઞાનિક – દરિયાઈ શેવાળ પ્રોજેકટની તપાસ માટે |
| ૫. પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝની સિનિયર કર્મચારીઓની ટીમ, મુંબઈ | શુભેચ્છા મુલાકાત |
| ૬. પીડીલાઇટ ઇન્ડ.એંજીનિયર્સની ટીમ, મુંબઈ | મકાન બાંધકામ માર્ગદર્શન |
| ૭. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બોટાદ | આત્મા પ્રોજેકેટ અંતર્ગત ૧૦૦ એકરમાં સુંગધી ઘાસ સિટ્રોનીલા ઉગાડવાના પ્રોજેક્ટની મંજૂરી માટે. |
| ૮. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર | સુંગધી ઘાસ સિટ્રોનીલા પ્રોજેક્ટ મુલાકાતે. |
| ૯. શ્રી મધુકરભાઈ પારેખ, મુંબઈ | કેન્દ્રનું કામ જોવા તથા શુભેચ્છા મુલાકાત |
| ૧૦. શ્રી વ્યાસ સાહેબ, ભાવનગર | ભાવનગર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી શુભેચ્છા મુલાકાત |
| ૧૧. કળસાર આઈ.ટી.આઈ. | ૧૬ યુવાનો, ૩ અધિકારીશ્રીઓ. |

આ ઉપરાંત કળસાર ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન, બગદાણા ગામના તથા સિહોરના નવાગામના ક્લસ્ટરનાં ગામોના ૫૪૬ ખેડૂતોએ બાગાયતી પાકો, કપાસના વાવેતર વિષે તેમજ અન્ય પાકો વિષે માર્ગદર્શન અને તાલીમ મેળવી. આ ઉપરાંત ભાવનગર, બોટાદ જિલ્લાના ૧૯૦૦થી વધારે ખેડૂતોએ આ કેન્દ્રની મુલાકાત લીધી.

### વોટર ઈનિસ્યેટિવ પ્રોગ્રામ

- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, મુંબઇના આર્થિક તેમજ ટેક્નિકલ સહયોગથી મણાર કેન્દ્રમાં ગત વર્ષથી આ જળ સંચયનો આ પ્રોજેકટ શરૂ થયેલ છે. જેમાં આજ દિન સુધીમાં કુલ ૧૩ ચેક ડેમનું બાંધકામ તથા ૧૬ તળાવો ઊંડાં ઉતારવામાં આવ્યાં. સરકારશ્રીના સુજલામ્ સુફલામ્ કાર્યક્રમ અંતર્ગત અનેક તળાવો ઊંડાં ઉતારવામાં આવ્યાં.
- આ વર્ષે પાલીતાણા તાલુકાનાં વીરપરા, મોટી પાણિયાળી, માંડવડા ગામોનાં ત્રણ ચેકડેમોનાં કામ પૂર્ણ કરવામાં આવ્યાં.
- સંસ્થાના મોટા તળાવને ઊંડું ઉતરવાનું કામ પણ પૂર્ણ કરેલ છે.
- તળાજા તાલુકાનાં ચાર તળાવને ઊંડાં ઉતરવાનું કામ પણ પૂર્ણ કરેલ છે.

### કૌશલ્ય વર્ધન કેન્દ્ર

- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસથી માણર કેમ્પસ ઉપર છેલ્લા પાંચ વર્ષથી કૌશલ્ય વર્ધન કેન્દ્ર ચાલે છે, જેમાં સંસ્થામાં અભ્યાસ કરતાં ધોરણ ૦૯થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુનાં ગામના ગામલોકો તેનો લાભ લે છે. આજ દિન સુધીમાં નીચે પ્રમાણેની તાલીમમાં તાલીમાર્થીઓએ લાભ લીધો. આ કેન્દ્રમાં કોમ્પ્યુટર, સ્પોકન ઇંગ્લિશ તથા સિવણની તાલીમ આપવામાં આવે છે.

**સિવણ વર્ગો**

| ક્રમ | વર્ષ | તાલીમાર્થીની સંખ્યા | તાલીમનો સમયગાળો |
|---|---|---|---|
| ૦૧ | ૨૦૧૬ | ૨૦ | ૩ માસ |
| ૦૨ | ૨૦૧૭ | ૪૦ | ૩ માસ |
| ૦૩ | ૨૦૧૮ | ૬૨ | ૩ માસ |
| ૦૪ | ૨૦૧૯ | ૧૨૦ | ૩ માસ |
| | કુલ સંખ્યા | ૨૪૨ | |

**કમ્પ્યુટર વર્ગો**

| ક્રમ | વર્ષ | તાલીમાર્થીની સંખ્યા | તાલીમનો સમયગાળો |
|---|---|---|---|
| ૦૧ | ૨૦૧૬ | ૬૦ ૨ માસ | |
| ૦૨ | ૨૦૧૭ | ૧૧૦ ૨ માસ | |
| ૦૩ | ૨૦૧૮ | ૧૬૦ ૨ માસ | |
| ૦૪ | ૨૦૧૯ | ૧૯૨ ૨ માસ | |
| | કુલ સંખ્યા | ૫૨૨ | |

**સ્પોકન ઇંગ્લિશ વર્ગો**

| ક્રમ | વર્ષ | તાલીમાર્થીની સંખ્યા | તાલીમનો સમયગાળો |
|---|---|---|---|
| ૦૧ | ૨૦૧૬ | ૦૦ | ૨ માસ |
| ૦૨ | ૨૦૧૭ | ૬૫ | ૨ માસ |
| ૦૩ | ૨૦૧૮ | ૧૨૦ | ૨ માસ |
| ૦૪ | ૨૦૧૯ | ૧૮૧ | ૨ માસ |
| | કુલ સંખ્યા | ૩૬૬ | |

### એન.સી.સી.

- મણારના એન.સી.સી. કેડેટ તથા ભાવનગર એન.સી.સી.ના અધિકારીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.
- સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. એન.સી.સી. કેડેટ દ્વારા મણાર ગામમાં વિવિધ સ્થોળોની સફાઈ કરવામાં આવી, સ્વચ્છતા રેલી કાઢવામાં આવી, સ્વચ્છતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. પૂર્ણાહુતિમાં ગીતો, નાટકો તથા ગ્રામસભા કરવામાં આવી.
- ધોરણ -૧૦ના એન.સી.સી. કેડેટ સિદસર મુકામે ૧૦ દિવસના કેમ્પમાં જઈ આવ્યા. તેમાં શૂટિંગ, ડીઝાસ્ટાર મેનેજમેંટની તાલીમ લીધી.

### મોજીલું શિક્ષણ પ્રોજેકટ

- પીડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝના આર્થિક સહયોગથી આંબલા તથા મણારમાં મજીલું શિક્ષણ પ્રોજેક્ટ ચાલે છે. પ્રાથમિકશાળાના ધોરણ ૦૬થી ૦૮ના વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ અને સ્વાનુભવ દ્વારા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી શીખે તથા ગામડાંઓના લોકોમાં કેળવણી થાય તે માટે તળાજા તાલુકાની ૪૪ ગામની ૪૪ શાળાઓમાં તથા સિહોર તાલુકાનાં ૪૪ ગામની ૪૪ શાળાઓમાં આ પ્રોજેક્ટ ચાલે છે. હાલમાં આ પ્રોજેક્ટમાં આંબલા–મણાર એમ બંને સંસ્થાઓમાં થઈ ચાર કાર્યકરો નિયમિત રીતે ઉપરોક્ત ગામડાંઓની પ્રાથમિકશાળાઓમાં જઈને વિદ્યાર્થીઓને નિશ્ચિત થયેલ કાર્યક્રમ મુજબ સતત પ્રવૃત્તિઓ કરાવે છે. આ પ્રોજેક્ટમાં બંને સંસ્થાઓના થઈ ૮૮ ગામના ધોરણ ૦૬થી ૦૮નાં કુલ ૩૧૪૫ બાળકોને આવરી લેવામાં આવ્યાં છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત તેના કાર્યકરોની દર ત્રણ માસે લોકભારતી દ્વારા વિવિધ સ્થળોએ તાલીમ યોજવામાં આવે છે. જે તાલીમ પ્રમાણે બંને સંસ્થાઓમાં થઈ કુલ ૮૮ શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી.

### ગૃહ વિજ્ઞાન

- બંને સંસ્થાઓમાં ગૃહ વિજ્ઞાનની બહેનો અનેક વાનગીઓ બનાવતાં, વિવિધ પ્રકારનું સિવણ કામ અને ભરતકામ કરતાં શીખે છે.
- આંબલાની બહેનો દ્વારા બનાવેલ ખાદીના થેલા, પર્સ, પોર્ટફોલિયો-ફાઈલનું બહાર મેળામાં જઈ વેચાણ કરવામાં આવ્યું. આ તાલીમથી પગભર થવાની તાલીમ લઈ રહી છે.

### રસોડા વિભાગ

- બંને સંસ્થાઓમાં રસોડાંઓ ચાલે છે. સંસ્થાના મૂલ્યો અને જીવનલક્ષી શિક્ષણમાં છાત્રાલયની જેમ રસોડાને પણ ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે.
- બંને સંસ્થાઓમાં દર પૂનમના રોજ સમૂહ ભોજન રાખવામાં આવ્યાં. આ ઉપરાંત તહેવારના દિવસે મહાભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું.

### કોઠાર વિભાગ

- જીવન શિક્ષણના ભાગરૂપે કોઠાર પણ મહત્ત્વનો છે. બંને સંસ્થાઓમાં કોઠાર વિભાગમાં દર વર્ષની જેમ વિદ્યાર્થી અને કાર્યકરોને ધ્યાનમાં રાખીને વર્ષ દરમિયાન ખરીદી કરવામાં આવી. બજારમાંથી અઠવાડિયામાં બે વાર

શાકભાજી લાવવામાં આવે છે. જેથી દરેકને સસ્તા અને તાજાં શાકભાજી મળ્યાં.

### પુસ્તકાલય વિભાગ

- બંને સંસ્થાઓમાં પુસ્તકાલયમાં ત્રણ પ્રકારની વાચન સામગ્રી વસાવામાં આવેલ છે. દૈનિક વર્તમાન પત્રો, સામાયિકો, પુસ્તકો.
- આ પુસ્તકાલયનો વિધાર્થી તથા કાર્યકર્તાઓ લાભ લે છે.

### કોડિયું

- વર્ષ દરમિયાન "કોડિયું " માસિકનું નિયમિત પ્રકાશન કરવામાં આવ્યું. હાલ કોડિયુંના ૮૫૦ ગ્રાહકો છે. વર્ષ દરમિયાન ૧૦ અંકો રંગીન મુખપૃષ્ઠવાળા પ્રકાશિત કરવામાં આવ્યા.
- આ સામાયિકદ્વારા ત્રણેય સંસ્થાના સહિયરા પુરુષાર્થથી ખૂબ જ સારી રીતે ચાલે છે. આ વિભાગમાં લોકભારતીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રશાંતભાઈ મહેતા, આંબલાના શ્રી દીપકભાઈ પંડ્યા તથા શ્રી રવિભાઈ પંડ્યા વિનામૂલ્યે સેવાઓ આપી ખૂબ જ સારી રીતે સેવા આપે છે. તેઓને ધન્યવાદ.

**બંને સંસ્થાઓમાં વર્ષ દરમિયાન પધારેલ મહેમાનોની યાદી નીચે મુજબ છે.**

**આંબલામાં પધારેલ મહેમાનોની યાદી**

| ક્રમ | મુલાકાતીનું નામ | મુલાકાતનું કારણ |
|---|---|---|
| ૧ | શ્રી ભારતીબહેન શિયાળ | શુભેચ્છા મુલાકાત |
| ૨ | શ્રી ડી.ડી. ન્યુઝ ટીમ ,દિલ્હી | ડોક્યુમેન્ટરી ફિલ્મ માટે |
| ૩ | શ્રી પી. કે. શુક્લાજી, પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, મુંબઇ | શુભેચ્છા મુલાકાત |
| ૪ | આ. શ્રી અનિલભાઈ ભટ્ટ, આંબલા | શુભેચ્છા મુલાકાત |
| ૫ | વાળુકડ કોલેજની બહેનો, | શિક્ષણ પ્રણાલી સમજવા |
| ૬ | શ્રી મનસુખભાઇ માંડવિયા | શુભેચ્છા મુલાકાત |
| ૭ | ભૂતપૂર્વ વિદ્યાર્થીની બહેનો ૧૧ | મિલન પરિવાર સાથે |
| ૮ | આંતરભારતી સંસ્થા, મહારાષ્ટ્ર/ ગોવા ૧૫૦ કાર્યકરો | શિક્ષણ પ્રણાલી સમજવા |
| ૯ | શ્રી નલિનભાઈ પંડિત | શુભેચ્છા મુલાકાત |
| ૧૦ | શ્રી બી. એચ. ઘોડાસરા, ગુ.બિ.અ.શૈ. બોર્ડ,ગાંધીનગર | શુભેચ્છા મુલાકાત |
| ૧૧ | શ્રી વ્યાસ સાહેબ, જિ. શિક્ષણ અધિકારીશ્રી, ભાવનગર | શુભેચ્છા મુલાકાત |
| ૧૨ | શ્રી રામભાઈ ત્રિવેદી, હાર્ટ ફૂલનેસ મેડીટેશન | કાર્યક્રમ માટે |
| ૧૩ | શ્રી પુનિતભાઈ, અરવિંદ મિલના માલિક | શુભેચ્છા મુલાકાત |
| ૧૪ | શ્રી મહિપતસિંહજી ચાવડા, કુલપતિશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી | શુભેચ્છા મુલાકાત |
| ૧૫ | શ્રી રવીન્દ્રસિંહજી સરવૈયા, ભાવનગર | શુભેચ્છા મુલાકાત |

| | | |
|---|---|---|
| ૧૬ | શ્રી ફાજલભાઈ ચૌહાણ | દર્શક પુણ્યતિથિ વક્તા |
| ૧૭ | શ્રી મનસુખભાઈ સલ્લા | શિક્ષકદિન વક્તા |
| ૧૮ | શ્રી કુમુદભાઈ ઠાકર | શિક્ષકદિન વક્તા |
| ૧૯ | ગુજરાત વિધાપીઠ, રાંધેજાના ૨૧ વિદ્યાર્થીઓ | ગાંધી૧૫૦મી જન્મ જયંતી |
| ૨૦ | શ્રી ધીરેનભાઈ વન્રા, અધ્યાપકશ્રી, શારદા ગ્રા.વિ. | શુભેચ્છા મુલાકાત |
| ૨૧ | શ્રી ખીમજીભાઈ ચંદ્રવાડિયા, અધ્યાપકશ્રી, શા.ગ્રા. | શુભેચ્છા મુલાકાત |
| ૨૨ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | માર્ગદર્શન તથા મોનિટરિંગ |
| ૨૩ | એકસલ ઇન્ડસ્ટ્રીઝના અધિકારીઓ, ભાવનગર/ ભુજ | શુભેચ્છા મુલાકાત |
| ૨૪ | ડૉ. અનુપભાઈ રાજપૂત, NCERT દિલ્હી | શુભેચ્છા મુલાકાત |
| ૨૫ | પ્રાથમિક શાળાના શિક્ષક, કચ્છ | શિક્ષણ પ્રણાલી સમજવા |
| ૨૬ | શ્રી અરુણજી, અધિકારીશ્રી, પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ | કૌશલ્ય વર્ધન કેન્દ્રની મુલાકાતે |
| ૨૭ | શ્રી હિતેશભાઈ ધોરિયા, પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ | કૌશલ્ય વર્ધન કેન્દ્રની મુલાકાતે |
| ૨૮ | શ્રી લાવિનાબહેન ફર્નાન્ડીઝ, પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ | શુભેચ્છા મુલાકાત |
| ૨૯ | શ્રી મનીષભાઈ મોદી,અધિકારીશ્રી પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ | શુભેચ્છા મુલાકાત |
| ૩૦ | શ્રી પંડ્યા સાહેબ, એસ.બી.આઈ. બેંક મેનેજર, | નાણાકીય સાક્ષરતા અભિયાન નિમિત્તે |
| ૩૧ | શ્રી અમરસંગભાઈ, આચાર્યશ્રી- નવાગામ | સુગમ સંગીત |
| ૩૨ | શ્રી મનિષકુમાર, ભાવનગર જિલ્લા પોલીસ વડા | શુભેચ્છા મુલાકાત |

**મણારમાં પધારેલ મહેમાનોની યાદી**

| ક્રમ | મુલાકાતીનું નામ | મુલાકાતનું કારણ |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીઓ, નાધુના ઉ. બુ. વિદ્યાલય | શુભેચ્છા મુલાકાત |
| ૨ | ઍંજિનિયરોની ટીમ, પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ | બાંધકામના નિરીક્ષણ માટે |
| ૩ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | મોનિટરિંગ/માર્ગદર્શન માટે |
| ૪ | શ્રી મનસુખભાઈ માંડવિયા | ગાંધી-૧૫૦મી પદયાત્રા પૂર્વ તૈયારી માટે |
| ૫ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભાવનગર,અધિકારીશ્રી | ગાંધી-૧૫૦મી પદયાત્રા પૂર્વ તૈયારી માટે |
| ૬ | જિલ્લા એક્ઝીક્યુટિવ એન્જીનિયર,ભાવનગર | ગાંધી-૧૫૦મી પદયાત્રા પૂર્વ તૈયારી માટે |
| ૭ | જિલ્લા નાયબ એન્જિનિયર, ભાવનગર | ગાંધી-૧૫૦મી પદયાત્રા પૂર્વ તૈયારી માટે |
| ૮ | ટી.ડી.ઓ. સાહેબ,તળાજા | ગાંધી-૧૫૦મી પદયાત્રા પૂર્વ તૈયારી માટે |
| ૯ | શ્રી મયંકભાઈ ભટ્ટ, હાઇકોર્ટ વકીલ ભાવનગર | શુભેચ્છા મુલાકાત |
| ૧૦ | ગૂજરાત વિધાપીઠ અમદાવાદના ૪૦ વિદ્યાર્થીઓ | શિક્ષણ પ્રણાલી સમજવા |
| ૧૧ | શ્રી વિક્રમભાઈ ભટ્ટ ભાવનગર | શુભેચ્છા મુલાકાત |
| ૧૨ | શ્રી બકુલભાઈ ભટ્ટ ભાવનગર | શુભેચ્છા મુલાકાત |

| | | |
|---|---|---|
| ૧૩ | જલારામ હાઈસ્કૂલ પીથલપુરવિદ્યાર્થીઓ | શુભેચ્છા મુલાકાત |
| ૧૪ | શ્રી જી. એમ. પટેલ, વૈજ્ઞાનિકશ્રી, આણંદ કૃષિ યુનિ. | લોક -૧ ઘઉં માર્ગદર્શન |
| ૧૫ | શ્રી જે. એન. વ્યાસ, જિ. શિક્ષણ અધિકારીશ્રી | શુભેચ્છા મુલાકાત |
| ૧૬ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર | આરોગ્ય મિટિંગ માટે |
| ૧૭ | નાયબ કલેક્ટર,ભાવનગર | આરોગ્ય મિટિંગ માટે |
| ૧૮ | જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભાવનગર | આરોગ્ય મિટિંગ માટે |
| ૧૯ | શ્રી પી. કે. શુકલાજી મુંબઈ, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ | શુભેચ્છા મુલાકાત |
| ૨૦ | શ્રી મનોજભાઈ ચાંદલિયા, આચાર્યશ્રી, આઈ. ટી. આઈ. | કૌશલ્ય કેન્દ્રની મુલાકાત |
| ૨૧ | ડૉ. સી. પી. સિંગ, એગ્રોસેલ કંપની | સોયાબીન એમ.ઓ.યુ. માટે |
| ૨૨ | શ્રી વીરજીભાઈ જસાણી, ભાવનગર | શુભેચ્છા મુલાકાત |
| ૨૩ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | શુભેચ્છા મુલાકાત |
| ૨૪ | ઉમરાળા હાઈસ્કૂલ ઉમરાળા વિદ્યાર્થીઓ | શુભેચ્છા મુલાકાત |
| ૨૫ | ઉ. બુ. વિધાલય ડેમના વિદ્યાર્થીઓ | શુભેચ્છા મુલાકાત |
| ૨૬ | શ્રી નાનુભાઈ વાઘાણી, ભા.ડી.કો.બેંના ચેરમેનશ્રી | શુભેચ્છા મુલાકાત |
| ૨૭ | શ્રી કિશોરભાઈ શાહ, ઓડિટરશ્રી | શુભેચ્છા મુલાકાત |
| ૨૮ | શ્રી ગજેન્દ્રસિંહ વાંસિયા, પૂર્વ મંત્રીશ્રી | શુભેચ્છા મુલાકાત |
| ૨૯ | શ્રી ત્રિવેદી સાહેબ, ભાવ.જિ.સ. ક. નાયબ નિયામકશ્રી | શુભેચ્છા મુલાકાત |
| ૩૦ | શ્રી તમાલિયાભાઈ, સભ્યશ્રી, ગુ.મા. શિ.બોર્ડ | શુભેચ્છા મુલાકાત |

આમ વર્ષ દરમિયાન બંને સંસ્થાઓમાં લગભગ ૧૦૦ જેટલા મહેમાનોએ મુલાકાત લીધી.

સંકલન
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
નિયામક,
ગ્રામદક્ષિણામૂર્તિ

~~**GROUNDWATER EXPLORATION**, Development & Management~~

**વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વિજ્ઞાન-ટેકનોલોજી વાપરીને યોગ્ય સ્થળ પસંદગી કર્યા બાદ જ બોર/કૂવા બનાવાય:-**

## ભૂગર્ભ જળ સશોધન : નવા બોર/કૂવા બનાવવા માટે યોગ્ય સ્થળની પસંદગી

આધુનિક ખેતીમાં મન ફાવે ત્યાં બોર/કૂવા બનાવવા માટે તેમજ તેમાંથી પાણી બહાર કાઢવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ થાય જ છે, પરંતુ બોર/કૂવા બનાવતા પહેલાં જ જગ્યા નક્કી કરવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ થતો નથી. **વારંવાર નિષ્ફળતા મળ્યાં પછી પણ મોટાભાગના ખેડૂતો આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ જૂની પૂરાણી, અવૈજ્ઞાનિક અને પરંપરાગત ચીલાચાલું તેમજ સતત નિષ્ફળ જતી પદ્ધત્તિઓ પર અંધવિશ્વાસ રાખીને જ ખેતરમાં પાણી જોવડાવીને તે જગ્યાએ બોર/કૂવા કરાવે છે,** એટલે ખેતી માટે જરુરીયાત મૂજબનું પાણી મળતું નથી અને મળે તો લાંબો સમય ટકતું પણ નથી, તેમજ ખર્ચેલા નાણાનું પૂરતું વળતર પણ મળતું નથી. જો આધારભૂત આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને બોર/કૂવાની જગ્યા નક્કી કરાય તો સફળતાની શક્યતાઓ પણ ઘણી બધી વધી જતી હોય છે. સર્વે કર્યા પછી એવું જણાય કે પાણી નહીવત્ પ્રમાણમાં છે, તો બોર કૂવાના ખોટા ખર્ચ થતા બચે છે.

**છેલ્લા પચાસ વર્ષોથી <u>ભૂગર્ભ જળ સંશોધન</u> માટે ખેતરમાં ઉપયોગમાં લેવાતી <u>સૌથી વધારે વપરાતી વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધત્તિ એટલે ઈલેક્ટ્રીકલ રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ.</u> વિવિધ હોરીઝોન્ટલ ભૂસ્તરોના અભ્યાસ માટે શ્લુમ્બરજર-જર્મન ટેકનોલોજી પદ્ધત્તિ અને કર્વ્ઝને સ્ટાન્ડર્ડ ગણવામાં આવે છે. ખેતરમાં અર્થ રેઝીસ્ટીવીટી મીટરનો ઉપયોગ કરીને વધુમાં વધુ ભૂગર્ભજળનું પ્રમાણ હોય એવી જગ્યા નક્કી કર્યા બાદ, જે તે જગ્યાની વિવિધ ઉંડાઈએ બદલતી જતી ભૂસ્તર રચના અને એની ઉંડાઈ/જાડાઈ સાથે પાણીની સંભાવના હોવાની ઉંડાઈ વગેરે માહિતિ મેળવવા માટે વિસ્તૃત ડેટા લેવામાં આવે છે. ખેતર ખાલી અને સૂકું હોય તો આ પદ્ધત્તિએ ભૂગર્ભ જળ સંશોધન સર્વે કરવામાં વિશેષ અનુકુળતા રહે છે. જો કે, વધારે મહેનત અને સમય માંગી લે તેવું આ સર્વે કામ છે. સામાન્ય રીતે પાંચ એકર સુધીના ખેતરમાં સર્વે માટે પાંચથી દસ કલાકનો સમય લાગે છે. સર્વેમાં મદદ કરવા માટે દસ જેટલા વ્યક્તિઓની સતત મદદ પણ જરુરી હોય છે. ખેતર ઉપરનું સર્વે કામ પૂરુ કર્યા બાદ ખાસ કમ્પ્યુટરાઈઝ્ડ પ્રોગ્રામની મદદથી ખેતર ઉપર લીધેલાં ડેટાની અલગ અલગ ગણત્રીઓ અને કર્વ્ઝ બનાવવામાં આવે છે. સર્વે કરેલા વિસ્તારની ભૂસ્તરીય રચના, ભૂગર્ભજળનું પ્રમાણ અને ઉંડાઈના સંદર્ભ માટે સર્વે દરમિયાન જે તે વિસ્તાર સંબંધિત મળેલી પ્રત્યક્ષ માહિતિ, સ્થાનિક ખેડૂતોના તેમજ નિષ્ણાંતોના જ્ઞાન અને ક્ષેત્રીય અનુભવો, જે તે વિસ્તાર સંબંધિત ક્ષેત્રીય અહેવાલો, સેટેલાઈટ રિમોટ સેન્સીગ ભૂગર્ભ જળ સંશોધન સર્વે નિષ્કર્ષ મેપ્સ, વગેરેનો આધાર લઈને એકાદ અઠવાડિયામાં ભૂગર્ભ જળ સંશોધનનો અંતિમ અંદાજનો અહેવાલ તૈયાર કરાય છે. આ અહેવાલમાં કઈ કઈ જગ્યાએ, કઈ કઈ ઉંડાઈએ, ક્યા ક્યા પ્રકારની ભૂસ્તરીય રચનામાં કેટલું પાણી મળી શકશે, બોર કરવો કે કૂવો કરવો, કેટલો ઉંડો કરવો કે કંઈપણ કરવું જ નહી વગેરે બાબતોની વિગતવાર અંદાજ- માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આમ, બોર/કૂવા બનાવવાનો ભારે મોટો ખર્ચ કરતાં પહેલાં જ આ <u>વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય</u> વૈજ્ઞાનિક પદ્ધત્તિનો ઉપયોગ ખરેખર ફાયદાકારક રહી શકે છે.**

**<u>રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ સિવાયની ઝડપથી ભૂગર્ભ જળ સંશોધન કરીને સો ટકા પરીણામ આપી શકે એવાં કોઈપણ ખાસ ભરોસાપાત્ર દેશી કે વિદેશી સાધન કે વૈજ્ઞાનિક પદ્ધતિ કે પરંપરાગત પદ્ધતિ હાલમાં કયાંય પણ ઉપલબ્ધ નથી.</u>**

**<u>ભૂગર્ભ જળ સંશોધન, વિકાસ અને વ્યવસ્થાપન સેવા અને સલાહ માટેનું છેલ્લાં ૩૦ વર્ષથી એક માત્ર વિશ્વાસપાત્ર નામ : 'ભૂજલશ્રી'. નિષ્ણાંતોની સલાહ અને સેવાઓ માટે સંપર્ક</u>:->>**

| | |
|---|---|
| **રતીલાલ સુદાણી** [BRS-Ag & AH; PGDEE]<br>Director, *Bhoojalshree Geotech Consultant-Gujarat*<br>( EMPANELED IN MGNREGA & KISAN CALL CENTER FOR DUG WELL / BORE WELL SITING IN GUJARAT STATE)<br>કૃષિ યુનિવર્સિટી કેમ્પાસ પાસે, વિદ્યા ડેરી રોડ,<br>આણંદ-૩૮૮૦૦૧ ☎ : 02692 263611<br>: 9427382368, 9978115968<br>*E-mail:* groundwater.sudani@gmail.com | **Dr. Suresh Pawar** [PhD-Hy.Geology]<br>Director, *Bhoojalshree Hydrogeotech*<br>MEMBER: IAHS, IHRS, IAH<br>( EMPANELED IN GERMAN GOVT. SUPPORTED PROJECTS FOR DRINKING WATER IN MAHARASHTRA STATE)<br>RAJGURUNAGAR, **Pune, Maharashtra, India.**<br>: 9822645787<br>*E-mail:* bhoojalshree@yahoo.com |

*સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય નજીકના રાજ્યોમાં વિવિધ સરકારી ડિપાર્ટમેન્ટ્સ, સહકારી અને સેવાભાવી સંસ્થાઓ, નગરપાલીકા, ગ્રામપંચાયત, કોર્પોરેટ હાઉસીસ તેમજ પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ્સ પર ત્રીસ વર્ષથી પરીણામલક્ષી ભૂગર્ભ જળ સંશોધન સેવામાં સમર્પિત...*

**<u>ભૂજળ કેરૂ કરીએ જતન</u> : ~~~ખરી વૈજ્ઞાનિક પદ્ધત્તિથી સંશોધન કરીશું તો સાંપડશે, કરકસરથી વાપરીશું તો લાંબો સમય ટકશે અને વરસાદનું બધું જ પાણી ભૂસ્તરમાં ઉતારીશું તો કયારેય તોટો પણ નહી આવે~એ છે~~ભૂગર્ભ જળ~~~**

## (૦૪) શિક્ષકનું દાયિત્વ

- વિપુલ જોષી

સંસ્કાર, સંસ્કૃતિ અને સત્સંગવાળી તથા વાત્સલ્યના વહેતા ઝરણા રૂપી પ્રાચીન પરંપરાની અવિરત વહેતી શિક્ષણ સરિતામાં આજે જળ ઓસરતું પ્રતીત થાય છે, ત્યારે આંખો ભીની થયાં વિના રહેતી નથી. કેળવણીની કેડી ખરબચડી તથા ચાણક્ય સૂત્રોથી સુદૂર થતી જાય છે, ત્યારે ખરા અર્થમાં વિદ્યાર્થીઓ મૂલ્યનિષ્ઠ કેળવણીથી કેળવાય એ કેળવણીનું કેન્દ્રબિંદુ છે !

જેવી રીતે વાડના થડમાં પડેલાં બીજને વરસાદ ઉગાડી શકે છે, તેવી રીતે શિક્ષકના સાંનિધ્યમાં રહેલું બાળક નવપલ્લવિત થઈ છાયાત્મક બને, તેમાં જ કેળવણીની ગરિમા સમાયેલી છે ! કેમ કે...

શાળા એ ખેતર છે, શિક્ષક એનો ખેડૂત છે,
વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ એ બીજ છે
પ્રોત્સાહન એ ખાતર છે, માર્ગદર્શન એમાં થતી ખેડ છે...!

ઉપરોક્ત વાક્યાંશોને પ્રવર્તમાન કેળવણીમાં પ્રયોજીને કેળવણીનું મૂળ પ્રયોજન સિદ્ધ કરવું રહ્યું...! શાળા, સંસ્થાએ મને શું આપ્યું...? એવા ભ્રામક ખ્યાલો નહિ કરતાં શાળા કે સંસ્થાના ઉત્કર્ષ માટે પોતાનામાં રહેલી કાર્યક્ષમતા, કાર્યદક્ષતા અને ગતિશીલતા મુજબ કાર્ય થયું કે કેમ...? પરમાત્માએ જે જવાબદારી નિભાવવા માટે મારી પસંદગી કરી તેને કેટલે અંશે પરિપૂર્ણ કરીશ... એ વાત સ્વજાતને પૂછવી રહી...!

ખરા અર્થમાં ખંત અને ખેવના થકી પ્રકૃતિનું નિરીક્ષણ, પરીક્ષણ અને આસ્વાદ કરાવીને અધ્યયનકર્તાને કાલિદાસની અમરતાનું રહસ્ય તથા રવીન્દ્રનાથ દ્વારા કહેવાયેલી- 'ભારતીય સંસ્કૃતિને તપોવનની સંસ્કૃતિનું દર્શન' કરાવવું રહ્યું...

ખરેખર જીવસૃષ્ટિના કલ્યાણનો નકશો નજર સમક્ષ રાખીને સતત પ્રયત્નશીલ રહેવું પડશે...! ખરી વાતોને કહ્યાં કરવી, સમજાવ્યાં કરવી તેમાં જ શિક્ષણનું સત્ત્વ અને તથ્ય છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે...

अन्य क्षेत्रे कृतं पाप धर्मक्षेत्री विनश्यति ।
धर्मक्षेत्र कृतं पापं वज्रलेपो भविश्यति ।।

(બીજાં સ્થળોએ પાપ કર્યું હોય તે ધર્મ સ્થાનમાં ધોવાઈ જાય છે; પરંતુ ધર્મસ્થાનમાં કરેલું પાપ તો ઊલટું વધારે દૃઢ થાય છે.)

જીવનમાં બીજા ક્ષેત્રોની વાત જવા દઈએ, પણ શિક્ષણનું ક્ષેત્ર એ તો સમાજનું ધર્મક્ષેત્ર છે. એ ધર્મક્ષેત્રમાં આપણાથી ભૂલેચૂકેય પણ પાપ ન થઈ જાય એટલું આપણે જોવું જોઈએ ... કેળવણી આપવામાં પ્રમાદ ન જ કરીએ...

કારણ કે... કોઈનાથી છેતરાય જવાય, ત્યારે આપણે ઝાઝું ગુમાવતા નથી, પણ આપણાથી કોઈ છેતરાય ત્યારે જિંદગીભરનું ગુમાવી દેતાં હોઈએ છીએ...!!!

•---------•••--------•••---------•

મદદનિશ શિક્ષક, શ્રીમતી એન.એસ. ડાંખરા ઉ.બુ. વિદ્યાલય - બેલા

આપણે જયારે બાળકને નિંદી એ ત્યારે એ છોભીલો પડી જાય છે. ફરી તે પ્રવૃત્તિ હાથમાં લેતા સંકોચ પામે છે કે ડરે છે ને આવા બેચાર કિસ્સા બને પછી તેનો આત્મવિશ્વાસ ખોઈ બેસે છે.

- મનુભાઈ પંચોળી

## (૦૫) સંસ્થા સમાચાર - જાન્યુઆરી : ૨૦૨૦

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- તા.૦૧ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ લોકભારતીના અરણેજ કૃષિ કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા. આ કેન્દ્ર ઉપર પીડીલાઇટ ઇંડસ્ટ્રીઝના સહયોગથી થનારા કૃષિ સંશોધન અને તાલીમ કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.
- તા.૦૨થી ૧૨ સુધી લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ ગુજરાતના વિવિધ શૈક્ષણિક ઐતિહાસિક સ્થળોના પ્રવાસમાં જઈ આવ્યા. જેમાં સંયોજક તરીકે શ્રી મનોજભાઈ તથા અન્ય કાર્યકરો શ્રી જયેન્દ્રસિંહ, શ્રી મહોબતસિંહ તથા શ્રી વિરાભાઈ ચાવડા જોડાયા.
- તા.૨થી લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ શૈક્ષણિક નિવાસ તેમજ એન.જી.ઓ. નિવાસ કાર્યક્રમમાં ૩૦ દિવસ માટે ગુજરાતની વિવિધ સંસ્થામાં પ્લેસમેન્ટ કાર્યક્રમમાં જઈ આવ્યા.
- લોક્સેવા મહાવિદ્યાલયના કાર્યકર શ્રી ભાનુપ્રસાદજી ટુંડિયાના પિતાશ્રીનું અવસાન થતાં તેમની અંતિમ યાત્રામાં તા.૦૨ના રોજ અને પછી બેસણામાં કાર્યકરો તેમના વતન ઝંઝરકા મુકામે જઈ આવ્યા.
- લોકભારતીના ભાવાવરણમાં તા.૩૧-૧૨-૨૦૧૯થી ૦૨-૦૧-૨૦૨૦ એમ ત્રણ દિવસ ગુજરાત શિક્ષણ અને સંશોધન પરિષદ, ગાંધીનગરના આયોજન તળે ગુજરાતભરની નઈ તાલીમની શાળાઓના આચાર્યશ્રીઓની પહેલી બેચની એક શિબિર યોજાઈ ગઈ. તેનું સંચાલન શ્રી શિવાનીબહેન જૈન અને શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ સુચારુરૂપે કર્યું.
- લોકભારતીના શુભેચ્છક શ્રી વેદાંતભાઈ પંડ્યા પ્રસિદ્ધ ચિત્રકાર સ્વ. શ્રી રવિશંકર રાવળના પૌત્ર શ્રી મિહિરભાઈ રાવળને લઈને લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા. જયારે પૂ. નાનાભાઈ ભટ્ટ ભાવનગરની દક્ષિણામૂર્તિ છોડીને આંબલા આવેલા ત્યારે તેઓ પોતાની સાથે દક્ષિણામૂર્તિ દેવની જે છબિ લઈને આવેલા તે ચિત્ર સ્વ. શ્રી રવિશંકર રાવળે બનાવેલું, તે જોવા જે ચિત્ર ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાથી મળતાં તેઓ બહુ પ્રસન્ન થયા.
- ગાંધી આશ્રમ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે લોકભારતીની આજુબાજુનાં ગામોમાં ચાલતા ‘અહિંસાની કેળવણી’ કાર્યક્રમ અંતર્ગત આ કાર્યક્રમમાં સંકળાયેલા શિક્ષકોની એક દિવસની કાર્યશાળા તા.૦૩ના રોજ યોજાઈ ગઈ.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૩ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ઓપવર્ગ-૨૨૭માં તાલીમાર્થીઓ સમક્ષ પોતાના પ્રવાસના અનુભવો પી.પી.ટી. દ્વારા રાત્રિ પ્રવૃત્તિમાં રજૂ કર્યા.
- તા.૦૪ના રોજ શ્રી વિનીતભાઈ સવાણી ‘નાળિયેરની વૈજ્ઞાનિક ખેતી’ ઉપરના સેમિનારમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૪ના રોજ તાલીમાર્થીઓ શ્રી જીવણભાઈના માર્ગદર્શન તળે શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.
- લોકભારતીના સ્થાપના કાળથી જે કેટલાક આગેવાનો લોકભારતીના શુભેચ્છકો રહ્યા હતા તે પૈકી ચોગઠના શ્રી છગનબાપા પણ હતા. તા.૦૬ના રોજ તરસમિયા મુકામે યોજાયેલ તેઓના જીવન-કવન અંગે લખાયેલ પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં શ્રી રામચન્દ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- તા.૦૬ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને મૂળ બંગાળના પણ હાલ દિલ્હી સ્થિત પર્યાવરણ

વૈજ્ઞાનિક ડૉ. સૌમ્ય દત્તાજીનું 'પર્યાવરણ-પરિવર્તન' અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું.

- દક્ષિણ ગુજરાતમાં ગ્રામ વિકાસ અને અનૌપચારિક શિક્ષણક્ષેત્રે કાર્યરત સંસ્થા 'આર્ચવાહિની'ના કેટલાક કાર્યકરો તા.૦૭ અને ૦૮ના લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૭ના રોજ શ્રી ભાવનાબહેન પાઠકે 'એક મહિલા તલાટી મંત્રી તરીકે તમે ગ્રામ વિકાસમાં શું શું કરી શકો' મુદ્દા અંગે રસપ્રદ વાત કરી.
- તા.૦૭ના રોજ મ.કૃ.ભાવનગર યુનિવર્સિટી દ્વારા ઑલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન તળે યોજાયેલ વર્કશોપમાં શ્રી યોગેશભાઈ ત્રિવેદી જઈ આવ્યા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૮ના રોજ તાલીમાર્થીઓના શુભેચ્છા કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને તલાટી-કમ-મંત્રી તરીકે સાચા અર્થમાં 'ગ્રામ વિકાસ' કોને કહેવાય તેના વિશે વાત કરી, આશીર્વચન પાઠવી પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી કલ્યાણભાઈ ડાંગરે સ્થાપેલી સંસ્થા 'સ્વદીપ'ના કાર્યક્ષેત્રની શાળાઓનાં બાળકોની ત્રણ-ત્રણ દિવસની બે કાર્યશાળાઓ તા.૦૭થી ૧૧ દરમિયાન લોકભારતીના ભાવાવરણમાં યોજાઈ ગઈ.
- તા.૭થી ૧૦ સુધી ત્રણ દિવસીય તાલીમમાં ભાગ લેવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી વિક્રમભાઈ દેસાઈ અને શ્રી પરેશભાઈ રાઠોડ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ જઈ આવ્યા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા-મણારના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં તા.૦૯ના રોજ કેટલાક કાર્યકરો જઈ આવ્યા.
- પૂ. મુક્તાનંદબાપુની ચાંપરડાની શાળાના 'આનંદધારા પ્રોજેક્ટ' અંતર્ગત આવતી શાળાઓના શિક્ષકોનો એક પ્રેરણા પ્રવાસ શ્રી નલિનભાઈ પંડિતના માર્ગદર્શન નીચે તા.૧૦ના રોજ લોકભારતી પરિચય અર્થે આવી ગયો.
- લોકભારતીના શુભેચ્છકો શ્રી રમેશભાઈ સંઘવી, શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી મુક્તાબહેન સંઘવી અને શ્રી નકુલભાઈ ભાવસાર તા.૧૦ના રોજ સાંજથી તા.૧૧ સવાર સુધી વૈચારિક ચર્ચા-વિચારણાઓ અર્થે આવી ગયાં.
- તા.૧૦થી ૧૩ સુધી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓએ ઈન્ટર્નશીપની સઘન રીતે પૂર્વ તૈયારી કરી.
- ભાવનગર જિલ્લા સહકારી બેંકના આયોજન તળે લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને શુભેચ્છક શ્રી નાનુભાઈ વાઘાણીની કુંભણ મુકામેની વાડીએ યોજાયેલ ખેડૂત સંમેલનમાં તા.૧૩ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ હાજરી આપી આવ્યા.
- મકર સંક્રાંતિની ઉજવણી નિમિત્તે તા.૧૪મીના રોજ સવારથી પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું. દયાળસરને સમું-નમું કરીને તેમાં પતંગો ઊડાડવા માટે સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરો ઉત્સાહપૂર્વક એકઠા થયાં. તલની સાની, મમરાના લાડુ અને શેરડી આરોગતાં-આરોગતાં સૌએ મકર સંક્રાંતિની અને પતંગોત્સવની મજા માણી.
- તા.૧૪થી ૨૨ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ વંચિત વિસ્તાર અભ્યાસ શિબિર દક્ષિણ ગુજરાતના અંતરિયાળ વિસ્તારના ખોબા મુકામે યોજાઈ ગઈ. આ કાર્યક્રમમાં શ્રી વિરાભાઈ ચૌહાણ, શ્રી નિતીનભાઈ ભીંગરાડિયા, શ્રી કાળુભાઈ ખોખરિયા તેમજ શ્રી કુમારભાઈ પુરોહિત જઈ આવ્યા.
- તા.૧૫થી તા.૧ ફેબ્રુઆરી સુધી શિક્ષણના ભાગરૂપે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ જુદાં જુદાં ૧૩ ગામો જેવાં કે પરવાળા, ઉમરાળા, પાંડેરિયા, માંડવડા-૨, ભદ્રાવળ-૩, ટીમાણા, લાપાળિયા, મેઢા, હમીરપરા, ડંગાપરા, પાણિયાળા, પ્રતાપપરા, પીપરલા જેવાં ગામોની પ્રાથમિક શાળાઓમાં નિવાસી ઇન્ટર્નશીપમાં જઈ

આવ્યા. ત્યાં પાઠ આપવા, ખજાનાની શોધ, રમતોત્સવ, પપેટ શો, પ્રજાસત્તાક દિનની ઉજવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળમેળો, ક્રાફ્ટ બનાવવા, છાયાચિત્ર, વ્યક્તિ અભ્યાસ, ક્રિયાત્મક સંશોધન, ટી.એલ.એમ. નિર્માણ, વાલી સંપર્ક, સી.આર.સી. અને બી.આર.સી. સાથેની બેઠક અને વહીવટી કાર્યનું જ્ઞાન જેવા ગુણવત્તાસભર કાર્યક્રમો કર્યા. સૌ અધ્યાપકોએ દરેક ટુકડીઓમાં જઈ યોગ્ય માર્ગદર્શન આપ્યું.

- તા. ૧૬ના રોજ શ્રી નિગમભાઈ શુક્લ તથા શ્રી વિનીતભાઈ સવાણી ઑર્ગેનિક યુનિવર્સિટી, ગાંધીનગરના વાઈસ ચાન્સેલર સાથેની મિટિંગમાં ભાગ લેવા માટે ગાંધીનગર જઈ આવ્યા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ ઓપવર્ગ ૨૨૮માં મહિલા તાલીમાર્થીઓનું આગમન થયું જેમાં ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ અને મોરબી એમ કુલ ૬ જિલ્લાનાં ૩૮ તાલીમાર્થી બહેનો હાજર થયાં.
- તા.૧૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ વિષય શિક્ષણના ભાગરૂપે એગ્રો સેન્ટરની મુલાકાતે જઈ આવ્યા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના વર્ગ ઉદ્‌ઘાટનમાં શ્રી અરુણભાઈએ સહયોગ, સ્વીકાર અને સમર્પણ દ્વારા તલાટી-કમ-મંત્રીએ ગ્રામ વિકાસનાં કાર્યો કરી આપણા જીવનને વધારે બેહતર બનાવવા વિશે પ્રેરક વક્તવ્ય આપ્યું.
- કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની આગેવાની તળે ગત સાલ ગાંધી-૧૫૦ નિમિત્તે યોજાયેલ પદયાત્રાને એક વર્ષ પૂર્ણ થતાં તેની સ્મૃતિ તરીકે તા.૧૬ના રોજ સવારે ગ્રામદક્ષિણામૂર્તિ-મણારથી પ્રારંભ થયેલી સ્મૃતિયાત્રા ગયા વર્ષે જે જે ગામો-સંસ્થાઓમાંથી પસાર થઈ હતી તે બધાં જ સ્થળોએથી પસાર થતાં થતાં સાંજે લોકભારતી પહોંચી. પ્રથમ લોકભારતીની સાયં પ્રાર્થનામાં સૌ ઉપસ્થિત રહ્યા અને પ્રાર્થના પછી એકદમ ટૂંકો એવો સમાપન કાર્યક્રમ યોજાયો, જેમાં શિક્ષણ સાથે જોડાયેલા ઘણા આગેવાનો ઉપસ્થિત રહ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨૦ના રોજ સંવિધાન જાગૃતિ દિવસની ઉજવણી સણોસરા મુકામે કરવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૧૦ તાલીમો વિવિધ ગામોમાં યોજાઈ, જેમાં ૩૮૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન બે ફિલ્ડ ડે યોજાયા, જેમાં ઠોંડા મુકામે કપાસના પાકના અને સણોસરા મુકામે મરચાના પાકના ફિલ્ડ ડે યોજાયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૧૩ વ્યાખ્યાન યોજાયાં, જેમાં ૧૧૧૩ ખેડૂતોએ લાભ લીધો. તેમ જ ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૪૪૨ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું.
- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના વડીલ શ્રી નરેન્દ્રભાઈ પારેખ અને તેના પરિવારના કેટલાક સભ્યો તા.૨૧મીના રોજ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવ્યા અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની તથા અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ જોઈ આનંદ વ્યક્ત કર્યો. તેઓને સત્કારવા શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન દવે, શ્રી રમાબહેન અને શ્રી ભાવનાબહેન પાઠક માઈધાર ગયાં. મહેમાનોને વિદાય કરીને તેઓ સૌ ડંગાપરા ગામની પ્રાથમિકશાળાની મુલાકાતે પણ ગયાં અને તે શાળાની સઘન પ્રવૃત્તિઓ નીહાળીને પ્રસન્ન થયાં.
- તા.૨૧ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદના શિક્ષણ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ લોકભારતીની શૈક્ષણિક મુલાકાતે આવી ગયા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના કાર્યકર શ્રી રવીન્દ્ર પંડ્યાનાં માતુશ્રીના અવસાન નિમિત્તે બેસણામાં ભાવનગર મુકામે તા.૨૩મીના રોજ

શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન દવે, શ્રી રમાબહેન, શ્રી રામચન્દ્રભાઈ પંચોલી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યાં.

- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા. ૨૩ના રોજ સણોસરા પી.એચ.સી.માંથી શ્રી હિતાંશીબહેને પરિવાર કલ્યાણ અને કુટુંબ નિયોજન ઉપર વ્યાખ્યાન આપ્યું.
- તા.૨૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના પશુપાલન વિષયના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેક્ટીકલમાં ઓર્ગેનિક ફિનાઈલ બનાવવામાં આવ્યું. શ્રી શ્રીધરભાઈ ગજ્જર અને શ્રી કિશોરભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.
- લોકસેવા મહાવિદ્યાલયના શ્રી વિશાલભાઈ જોષી અને બીજા વર્ષના વિદ્યાર્થીઓ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે તા. ૨૪ અને ૨૫ દરમિયાન જનજાગૃતિ અભિયાન, વડોદરા અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાએલ 'નાટ્ય લેખન' શિબિરમાં જઈ આવ્યા. જેમાં શ્રી વિશાલભાઈ જોષી દ્વારા લિખિત 'ગાંધીની સમય-સહેલી : ઘડિયાળ' પર લોકસેવાના વિદ્યાર્થી શ્રી જગદીશભાઈ બાંભણિયાએ એકપાત્રીય અભિનય રજૂ કર્યો.
- તા.૨૪ના રોજ તરઘડિયા(રાજકોટ) મુકામે યોજાયેલ મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુક્લ અને શ્રી પ્રદીપભાઈ ક્યાડા જઈ આવ્યા.
- તા.૨૬મીના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સવારે ૦૭-૧૫ કલાકે પરેડ યોજાણી, ત્યાર બાદ મેદાન ઉપર ધ્વજ વંદન ૦૮-૦૦ કલાકે લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-જસદણના સંયોજક શ્રી સુમનભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું, ત્યાં તેમણે ટૂંકું સંબોધન કર્યું. એ પછી સારસ્વતભવનમાં પ્રજાસત્તાક પર્વ ઉજવણી કાર્યક્રમ યોજાયો, જેમાં બે વિદ્યાર્થીઓએ પ્રાસંગિક સ્વાધ્યાય રજૂ કર્યા. શ્રી સુમનભાઈ રાઠોડે અને શ્રી રીટાબહેન રાઠોડે પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં, બપોર પછી રમત-ગમતનો કાર્યક્રમ રહ્યો.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૯ના રોજ તાલીમાર્થીઓનો સમાપન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તાલીમાર્થીઓ સમક્ષ એક નાગરિક તરીકે હક અને ફરજો માટે નાગરિક ધર્મ બજાવવાની વાત કરી, શુભેચ્છા પાઠવીપ્રમાણપત્ર વિતરણ કર્યા.
- તા.૩૦મીના ગાંધીનિર્વાણ દિન નિમિત્તે વહેલી સવારે ૦૬-૩૦ કલાકે પ્રાતઃ પ્રાર્થના અને ૦૮-૩૦ કલાકે ગાંધી નિર્વાણ દિન સંમેલનમાં બે વિદ્યાર્થીઓએ પ્રાસંગિક પ્રતિભાવ રજૂ કર્યા. મુખ્ય મહેમાન તરીકે લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને પાલનપુર જિલ્લાના વીરમપુર બાજુના ઊંડાણના આદિવાસી વિસ્તારને કાર્યક્ષેત્ર બનાવી કાર્યરત શ્રી મુસ્તુખાનભાઈ સુખ અને શ્રી મુમતાઝબહેને પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યા. બપોરથી સાંજ સુધી વિદ્યાર્થીઓ આપણે ત્યાં ચાલતા 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતર્ગત અગાઉથી તાલીમ મેળવીને સજ્જ થઈને લોકભારતીની આજુબાજુનાં વીશેક ગામોમાં જુદી જુદી ટુકડીઓમાં ગયા અને જઈને અહિંસાને લગતા વિભિન્ન કાર્યક્રમો કર્યા.
- તા.૩૦મીની સાયં પ્રાર્થનાના અનુસંધાને સાંપ્રત પ્રવાહોથી વિદ્યાર્થીઓને અવગત કરાવવા શ્રી પાર્થેશભાઈ પંડ્યા દ્વારા CAA, NRC, NPR વગેરે બાબતો વિશે વિશેષ વિગતે સમજાવવામાં આવ્યું.
- ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ દ્વારા ગાંધીનિર્વાણદિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં વક્તવ્ય આપવા નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિ તા.૩૦મીના રોજ જઈ આવ્યા.
- લોકભારતીના ભાવાવરણમાં તા.૨૯થી ૩૧ એમ ત્રણ દિવસ ગુજરાત શિક્ષણ અને સંશોધન પરિષદ, ગાંધીનગરના આયોજન તળે ગુજરાતભરની નઈ તાલીમની શાળાઓના આચાર્યશ્રીઓની બીજી બેચની એક શિબિર યોજાઈ ગઈ. તેનું સંચાલન શ્રી શિવાનીબહેન જૈન અને શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ સુચારુરૂપે કર્યું.

- તા.૩૧ના રોજ I.C.D.S.,ભાવનગરના આયોજન નીચે આંગણવાડીની બહેનોને બાળકો અને મહિલાઓને કુપોષણમાંથી મુક્તિ અન્વયે જાગૃતિનો એક કાર્યક્રમ રાજ્યના શિક્ષણ મંત્રી મા. શ્રી વિભાવરીબહેન દવેની ઉપસ્થિતિમાં લોકભારતીના આંગણે યોજાઈ ગયો.
- શ્રી અરુણભાઈ દવે તા. ૪થીએ શિશુવિહાર ભાવનગર ખાતે માતૃભાષા વંદના કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપી તા. ૫મીએ માઈધાર ખાતે યોજાએલ નવી શિક્ષણ નીતિ-૨૦૧૯ના સેમિનારનું સુપેરે સંચાલન કરી આવ્યા. તા.૧૦ અને ૫છી તા. ૧૩થી ૧૬ અને તા. ૨૧ દરમિયાન મણાર-માઈધાર નિવાસ કરીને જરૂરી માર્ગદર્શક કામગીરી કરી. તા. ૧૮મીએ યુ.જી.સી. પ્રેરિત ગાંધી-૧૫૦ કાર્યક્રમમાં 'ગાંધીનું શિક્ષણ' વિષે ભાવનગર કોમર્સ કોલેજમાં વ્યાખ્યાન આપી આવ્યા. તા. ૨૪મીએ ધારી અને સરસિયા ખાતે ગાંધી-૧૫૦ ઉજવણીના ભાગરૂપે બે વ્યાખ્યાનો દૃષ્ટાંતો અને પ્રશ્નોત્તરી સાથે આપ્યાં. તા. ૨૫મીએ ઉમરાળા તાલુકા શિક્ષક સંઘના શિક્ષકો સમક્ષ લંગાળા ખાતેની બેઠકમાં 'એક શિક્ષક શું કરી શકે?' વિષય પર મનનીય પ્રવચન આપ્યું અને તા. ૨૯મીએ લોકભારતી ખાતે આવેલ ટીચર્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ 'નઈ તાલીમ' વિષે સમજણ આપી.

**આંબલા સમાચાર**

- ભાવનગર મુકામે યોજાયેલ અમૃત મહોત્સવમાં ગૃહ વિજ્ઞાન વિભાગની બહેનો દ્વારા પર્સ-ફાઈલનું વેચાણ શ્રી રૂપાબહેનના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું.
- તા.૦૯ના રોજ વાર્ષિકોત્સવના કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કવિશ્રી કૃષ્ણ દવે આવ્યા, જેમણે કવિતાઓના રસપાન દ્વારા વાર્ષિકોત્સવના મુદ્દાને બરાબર વણી લઈ વક્તવ્ય આપ્યું. બપોર પછી આંબલા-મણારનાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો.
- મકરસંક્રાંતિ નિમિત્તે ગૌશાળામાં ગો-પૂજન તથા ગૌશાળા-સફાઈ કાર્યક્રમ રાખવામાં આવ્યો, જેમાં મુખ્ય વક્તા શ્રી હરદેવસિંહ વાળા દ્વારા ગૌ-મહિમાની વાર્તા કરવામાં આવી.
- તા.૨૬ના ધ્વજવંદન કાર્યક્રમમાં શ્રી ભરતભાઈ મિસ્ત્રી મુખ્ય મહેમાન તરીકે આવી ગયા. તે દિવસે ધ્વજવંદન, પી.ટી. પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે રાખવામાં આવેલ.
- ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (આઈ.આઈ.ટી.ઈ.) ગાંધીનગરથી તાલીમાર્થીઓની એક ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- અતુલ ફાઉન્ડેશન વલસાડથી મહેમાનો સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- શ્રી વાઘજીભાઈ કરમટિયા તા. ૨૭-૨૮ના રોજ ભાવનગર ડાયટ મુકામે નવનિયુકત આચાર્યની ટ્રેઇનિંગમાં તથા તા. ૨૯-૩૦-૩૧ના રોજ ઉત્તર બુનિયાદી લોકશાળાના આચાર્યશ્રીઓની તાલીમમાં ભાગ લેવા લોકભારતી જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- અહીંના ધો.૧૦ના એન.સી.સી. કેડેટ્સની બીજા વર્ષની 'એ' સર્ટીફિકેટની પરીક્ષા ભાવનગર મુકામે યોજાઈ ગઈ. સફળ થનાર તમામ છાત્રો અભિનંદન.
- તા.૧૧ના રોજ અહીંના શિક્ષક શ્રી અંકુરભાઈના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું. તેમણે તેમના પિતાશ્રીની સ્મૃતિમાં તમામ છાત્ર-છાત્રાઓ તથા કાર્યકરોમાં અનુક્રમે ગરમ સ્વેટર, શાલ તથા જર્સીનું ભાવપૂર્વક વિતરણ કર્યું.
- શ્રી કપિલભાઈ શાહ તા.૧૨થી બે દિવસ સંસ્થામાં રોકાઈ ગયા. તેમણે સંસ્થાના દરેક વિભાગોની શુભેચ્છા મુલાકાત લીધી અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું.
- તા.૧૪મીના રોજ મકરસંક્રાતિના દિવસે ખડસલી લોકશાળાના વાર્ષિકોત્સવ તથા ગાય આધારિત

ખેતીના ખેડૂત સંમેલનમાં શ્રી કપિલભાઈ શાહ સાથે શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી પ્રવીણભાઈ મહેતા તથા બે કાર્યકરો જઈ આવ્યા. આ ખેડૂત સંમેલનમાં ગુજરાત રાજ્યના મા. રાજયપાલશ્રી દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા.

- પીડીલાઇટ કંપનીના કાર્યકરોનું એક પ્રતિનિધિ મંડળ શ્રી નરેન્દ્રભાઈ પારેખના નેતૃત્વ નીચે તા.૧૬ના રોજ અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની પ્રત્યક્ષ મુલાકાતે આવી ગયું. અહીંની પ્રગતિ જોઈ સંતોષ વ્યક્ત કર્યો.
- પીડીલાઇટ કંપનીના 'વોટર ઈનિશ્યેટીવ પ્રોગ્રામ' અંતર્ગત મોરચંદ ગામ મુકામે નવા ચેકડેમનું કામ આ માસમાં શરૂ કરવામાં આવ્યું.
- નવનિયુક્ત આચાર્યોની તાલીમ, સિદસર મુકામે તાલીમ ભવનમાં તા. ૨૭ અને ૨૮ એમ બે દિવસ યોજવામાં આવી. આ તાલીમમાં વહીવટી માર્ગદર્શન આપવામાં આવ્યું, તેમાં અહીંથી શ્રી ડાયાભાઈ ડાંગર જઈ આવ્યા.
- લોકભારતી સણોસરા દ્વારા આયોજિત આચાર્ય સજ્જતા તાલીમમાં અહીંથી શ્રી ડાયાભાઈ ડાંગર તા. ૨૯થી ૩ દિવસ જઈ આવ્યા.
- તા.૨૮-૦૧થી તા. ૦૩-૦૨ સુધી અહીંના એન.એસ.એસ. કોર્ડીનેટર શ્રીમતી કંચનબહેન થડોદા ગૂજરાત વિદ્યાપીઠ-સાદરા યોજિત ૭ દિવસીય તાલીમમાં જઈ આવ્યાં.
- આ વખતના પ્રજાસત્તાક દિનની ઉજવણી કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રના કેંપસ ઉપર કરવામાં આવી. આ ઉજવણીમાં લોકશાળા, પ્રાથમિક શાળા તથા કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રના તમામ કાર્યકરો તથા શ્રમિકો સહિત કુલ ૫૫૦ કરતાં વધારે સંખ્યામાં જોડાયા. પ્રાથમિક શાળાનાં બાળકો દ્વારા સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા લોકશાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરક વક્તવ્યો આપવામાં આવ્યાં.
- મથાવડા ગામના ગ્રામજનો દ્વારા પૂર્વઆચાર્યો પ્રત્યે ઋણ ચુકવવાનો કાર્યક્રમ તા. ૨૬ના રોજ યોજાઈ ગયો. જેમાં શ્રી પ્રવીણભાઈ મહેતાને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં બહોળા પ્રમાણમાં આપણા પૂર્વવિદ્યાર્થીઓ તથા વર્તમાન કાર્યકરો ઉપસ્થિત રહ્યા.
- તા.૩૦ વસંત પંચમીના દિવસે સોંસિયાના સ્વામીનારાયણ ગુરુકુલમાં 'શિક્ષાપત્રી' જન્મ દિવસ તથા 'ગાંધી નિર્વાણ દિન' મનાવવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સુરસંગભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા. શ્રી પ્રવીણભાઈ મહેતા તથા શ્રી સુરસંગભાઈએ ગાંધીજી વિષે ઉપયોગી વાતો કરી.
- અહીંના કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં આગામી માસથી ખેડૂતો તથા મહિલા મંડળની બહેનો માટે કૃષિને લગતો ફ્રુટ અને ફૂડ પ્રોસેસિંગનો નવો ટ્રેડ શરૂ કરવાની મંજૂરી મળી છે. તેની ફેકલ્ટીની પણ નિમણૂંક થઈ ગઈ છે.

**આનંદના સમાચાર**

ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય(એમ.એસ.ડબ્લ્યુ.) વિભાગ તેના ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. અનેકવિધ કાર્યક્રમો વચ્ચે એક કાર્યક્રમ વિભાગને ગુણવત્તાસભર ઉજાગર કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો છે. પસંદગીના ૪૫ સન્માનિત વિદ્યાર્થીઓમાં લોકભારતીમાં સ્નાતક થએલ નીચેના આઠ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા છે. સૌને અભિનંદન.

| | | |
|---|---|---|
| (૧) શ્રી પંકજભાઈ દવે | (૨) શ્રી અતુલભાઈ પંડ્યા | (૩) શ્રી કાળુભાઈ ડાંગર |
| (૪) શ્રી મનોજભાઈ પરમાર | (૫) શ્રી યોગરાજસિંહજી ગોહિલ | (૬) શ્રી નીતાબેન પંડ્યા |
| (૭) શ્રી આલાભાઈ ખમલ | (૮) શ્રી મુસ્તુખાન સુખ | |